**સુવિચાર**

દરરોજ ૨૪ કલાકમાંથી એક કલાક વ્યક્તિએ પોતાના વિકાસ માટે કંઈક નવું જાણવા માટે સમય કાઢવો જોઈએ.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૧૦/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૨૬૩


## ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપવાનું વચન શાસકો ભૂલી ગયા

# હદ થઈ : ભાજપનાં શાસનમાં ૧૩ જેટલા પુલ ધરાશાયી થયા

**કોન્ટ્રાક્ટર, કમિશન ટુ કમલમનાં ચક્કરમાં ગુજરાતની જનતા મરી રહી છે : વિપક્ષી નેતા અમિત ચાવડા**

**રાજ્યનાં તમામ પુલની ચકાસણી કરી ફિટનેશ સર્ટિફિકેટ ઓનલાઈન મુકવું જરૂરી**

**રાજ્યની સાડા છ કરોડ જનતા પોતાની સુખાકારી માટે ટેક્ષ ભરે છે નહી કે અધિકારી કે પદાધિકારીનાં ખિસ્સા ભરવા**

**ડબલ એન્જિન સરકારમાં પેપરો ફૂટે, પુલ તૂટે અને ડ્રગ્ઝ ઉતરવાનાં ધંધા થાય છે**

ફાઈલ તસ્વીર



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આખા દેશમાં ગુજરાતની જે અસ્મિતા છે તેને લાંછન લાગી રહ્યું છે. ગુજરાતની સાડા છ કરોડની જનતા પોતાની સુવિધા, સુખાકારી અને સલામતી માટે ટેક્ષ આપે છે નહિ કે કોઈ અધિકારીઓ, કોન્ટ્રાકરો કે મંત્રીઓના ખિસ્સા ભરવા માટે, ગુજરાતમાં ૧૫૬ની બહુમતી વાળી ડબલ એન્જીન સરકાર અત્યારે પેપરો ફૂટેવા, બ્રીજો તુટવા, ડ્રગ્સ ઉતરવા માટે આખા દેશ અને દુનિયામાં જાણીતી બની છે. આજે કોન્ટ્રાકટ કમીશન ટુ કમલમના ચક્કરમાં જનતા હેરાન પરેશાન તો થઈ રહી છે પણ સાથે સાથે મરી પણ રહી હોય તેવા દિવસો આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગ જે મુખ્યમંત્રીના હસ્તક છે એની સીધી દેખરેખ અને જવાબદારી મુખ્યમંત્રીની છે. માર્ગ અને મકાન વિભાગ કમીશન અને કમલમના ચક્કરમાં આજે ગુજરાતની જનતાનો ભોગ લઈ રહ્યો છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થોડા વર્ષોની અંદર જ તેર કરતા વધારે બ્રીજ તૂટી પડયા અને ગત વર્ષની જ વાત કરીએ તો ૨૦૨૨માં સાત કરતા વધારે બ્રીજ તૂટી પડયા. બંગાળમાં એક બ્રીજ તૂટે તો આપણા દેશના વડાપ્રધાન ત્યાં ચૂંટણી સભાઓમાં જોરજોરથી ભાષણ કરે કે આ 'એકટ ઓફ ગોડ નહિ એકટ ઓફ ફ્રોડ છે' અને ગુજરાતમાં આટલા બ્રીજ તૂટયા અને હમણા જ પાલનપુરમાં બ્રીજ તુટયો બે લોકોના મોત થયા હવે પ્રધાનમંત્રી એક ટ્વીટ પણ નથી કરતા તો આ પાલનપુરનો બ્રીજ તુટયો એ પહેલા મોરબી કે બીજા કોઈ બ્રીજ તૂટયા અને જેમાં લોકોના મોત થયા એ શું 'એક્ટ ઓફ ગોડ છે કે એક્ટ ઓફ ભાજપનો


અનુસંધાન પાના ૬ ઉપર


### કામનાથ મંદિરનાં પૂજારીનું ધ્યાન દોરાયું

## અમરેલીનાં કામનાથ જળાશયમાંથી અજાણ્યા વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૫, અમરેલીનાં જેશીંગપરા વિસ્તારમાં આવેલ કામનાથ સરોવરમાંથી કોઈ અજાણ્યા ૬૦ વર્ષિય વધ્ધનો મૃતદેહ તરતો હોય. આ અંગે કામનાથ મહાદેવ મંદિરનાં પૂજારી મનુભારથી રાજુભારથી ગોસાઈ ધ્વારા સીટી પોલીસમાં જાણ કરતાં સીટી પોલીસે અજાણ્યા વૃધ્ધનાં સગા- સબંધીની તપાસ હાથ ધરી છે.

### કોઈ વિધ્ન સંતોષીએ મોડી રાત્રિએ કારસ્તાન કર્યુ

## સા.કુંડલા : નાની વડાળ ગામની સીમમાં નિર્દોષ ખેડૂતનો ૨૫૦ મણ માંડવીનો પાલો સળગાવ્યો

**સ્થાનિક પોલીસે અજાણ્યા શખ્સોને ઝડપી લેવા જરૂરી**

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાના નાની વડાલ ગામ થી વડલી મંદીર તરફ જતા રસ્તામાં વન વિભાગના ગેટ પાસે આવેલ ડો. દિનેશભાઈ કાલેણા સાવરકુંડલા વાળાની વાડીમાં હજી અઠવાડિયા પહેલા જ વાડીમાં વાવેલ મગફળીને કાઢી અને તેનો પાલો લગભગ ૨૫૦ મણ જેટલો વાડીમાં ખુલ્લામાં પડેલો હતો. જેને ગઈકાલે



રાત્રે કોઈ જાણભેદુઓ દ્વારા અગમ્ય કારણોસર દીવાસળી ચાંપી આગ લગાડીને સંપૂર્ણ નાશ કરી નાખ્યો હતો. વાડી માલિક તો ડોકટર છે અને પોતે સધ્ધર પણ છે, પરંતુ આ વાડી ભાગીયાને વાવવા આપી હોય અને એટલે આ ભાગીયા, જે બિચારા ત્યાં બારે મહિના રહીને તડકો હોય કે ઠંડી હોય કે વરસાદ હોય એમાં પાક વાવીને કાળજી


અનુસંધાન પાના ૬ ઉપર


### સાવરકુંડલા-રંઘોળા માર્ગનું કામ કરતી એજન્સીનું કારસ્તાન

## સબભૂમિ ગોપાલ કી : લીલીયાનાં ભોરીંગડા ગામે સર્વે નં. ૪૨૬માં આવેલ ગૌચર જમીનમાંથી માટીની ચોરી

**પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે કલેકટરને પત્ર પાઠવીને કાર્યવાહી કરવા માંગ કરી**

અમરેલી, તા. ૨૫

સાવરકુંડલા-લીલીયાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકાનાં ભોરીંગડા ગામે સર્વે નં. ૪૨૬માં આવેલ ગૌચરમાંથી માટી અને મોરમ ઉપાડી સાવરકુંડલાથી રંઘોળા રોડ પર બન્ને સાઈડ ઉપર કન્સ્ટ્રકશન કંપની ધ્વારા નાખવામાં આવે છે. સરકારનાં નીતિ અને નિયમો મુજબ ગૌચરમાંથી ખોદકામ ન કરવું તેમ છતાં આ એજન્સી ગૌચર ખોદી



તેમાંથી નીકળતું ખનિજ આ રોડ માટે ઉપયોગમાં લઈ રહ્યા છે જે નિંદનીય બાબત છે અને આ બાબતની વહીવટીતંત્રને જાણ હોવા છતાં કોઈ પગલા ભરવામાં આવતા નથી અને જો ખેડૂત એક ટ્રેકટર ભરે તો તંત્ર તેમની પર તરત પગલા ભરી દંડ આપવામાં આવે છે. જયારે આવી મોટી એજન્સી પર તંત્ર કોઈ કાર્યવાહી કહતું નથી.

સરકાર હાલમાં ગૌચર દબાણ અને ગૌચર પર ખોદકામ ન કરે તે માટે ઘણા પ્રયત્ન કરી રહ્યા છે પણ અમરેલી જિલ્લાનાં વહીવટી અધિકારીઓ આ એજન્સી સાથે સાંઠગાંઠ રાખી ગૌચર ખોદવામાં મદદરૂપ થઈ રહ્યા છે. જેથી ભવિષ્યમાં માલઢોર માટે ચરિયાણ જ નહી રહે તેવું લાગી રહ્યું છે. જેથી આ ગૌચર ખોદકામ કરેલ સામે યોગ્ય કાર્યવાહી કરી તમામ જાતના પગલા ભરી અને એક દાખલારૂપી દંડ આપવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ દિવસ કોઈ પણ ગૌચર ખોદકામ ના કરે તેવી કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.










### એક લાઈન બોયની મદદે અન્ય લાઈન બોય

# અમરેલીનાં નિવૃત્ત એએસઆઈનાં દીકરાને આત્મ નિર્ભર બનાવવા આર્થિક મદદ કરાઈ

### સા.કુંડલાનાં સુર્યોદય મંડળે એસપીને હસ્તે ૩ લાખનો ચેક અર્પણ કર્યો




અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં વિવિધ તાલુકામાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતા મૂળ ખાંભા તાલુકાના અનુસૂચિત જાતિમાંથી આવતા દામજીભાઈ વણકર ( નામ બદલ્યું છે ) છેલ્લે અમરેલી શહેરમાં એ.એસ.આઇ તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન એક દિવસ ડયુટીની માનસિક તાણને કારણે બ્રેઈન સ્ટ્રોક આવતા આખું શરીર પેરેલાઇઝડ થઈ ગયું. પોતે તદ્દન પથારી વશ થઈ ગયા, સરકારી ડયુટી માટે ગેરલાયક ઠર્યા, નોકરી ચાલી ગઈ. કોલેજમાં અભ્યાસ કરતા સંતાનો ઉપર ઘરની તમામ જવાબદારી આવી ગઈ. નોકરી દરમિયાન અને છેલ્લે જે કઈ સરકાર તરફથી વળતર મળ્યું તેમાં ઘરનું મકાન માંડ માંડ બની શકયું. જીવન પર્યંત પગાર સિવાય કયાંય હરામની કમાણી લીધી નહીં એટલે મૂડી તો હતી નહીં.આ પોલીસ કર્મચારીના દીકરા મનન ( નામ બદલ્યું છે ) ને બિઝનેસ કરવો પણ મૂડી હતી નહીં અને સગા વાલાઓએ પણ હાથ ઊંચા કરી દીધા. થોડા સમય બાદ મનન હિંમત કરી સાવરકુંડલા પ્રતાપભાઈ ખુમાણને રૂબરૂ મળી પોતાની અને પરિવારની આખી પરિસ્થિતિ વર્ણવી અને હેલ્પફૂલ થવા વિનંતી કરી પ્રતાપભાઈ ખુમાણના સ્વર્ગસ્થ પિતા બી.એ.ખુમાણ પણ નિવૃત્ત પોલીસ ઈન્સ્પેકટર એટલે પોતે પણ લાઈન બોય હોય અને સામે મદદ માંગનાર પણ લાઈન બોયએ નાતે આ યુવાનને અમરેલીમાં રેડીમેઈડ કપડાની નાની શોપ માટે જરૂરી આર્થિક મદદ પોતાના સૂર્યોદય કેળવણી અને સાંસ્કૃતિક મંડળ ટ્રસ્ટના અનામત ભંડોળમાંથી મંજૂર કરી આપી.સંસ્થામાંથી મંજૂર કરાયેલા રૂપિયા ત્રણ લાખની વગર વ્યાજની રકમની લોનનો ચેક, અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહજીનાં હસ્તે આ યુવાનને અર્પણ કર્યો હતો.અમરેલી એસ.પી.એ પણ ખૂબ મહેનત કરી આગળ વધવાની શુભેચ્છા આપી હતી. નવરાત્રીના પાવન દિવસોમાં છેલ્લે નોરતે અમરેલી શહેરમાં લાઈબ્રેરી રોડ ઉપર નાલંદા વિદ્યાલયની બાજુમાં રેડીમેઈડ શોપ "ONE7" મેન્સ પર્સનાલીટી 'નું પ્રતાપભાઈ ખુમાણના હસ્તે રીબીન કાપી ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

સાવરકુંડલાના આ ખુમાણ પરિવારે પોતાના પરિવારના લગ્ન પ્રસંગે આવેલ ચાંદલાની રકમ અને લોક ડાયરામાં આવેલ ઘોળની રકમનું એક અનામત ભંડોળ કરી રાખેલ છે જે આ રીતે જરૂરિયાતમંદ યુવાનોને પગભર થવા મદદ કરે છે આ આપવામાં આવતી રકમ વગર વ્યાજે અને સામાન્ય ઈન્સ્ટોલમેન્ટમાં ટ્રસ્ટને પરત કરવાની હોય છે. આ રીતે એક લાઈન બોય,બીજા લાઈન બોયની મદદે આવ્યો હતો.


# અમરેલીનાં સહકારી અગ્રણી દિલીપ સંઘાણીને શુભેચ્છા પાઠવતા ગીરીશ ભટ્ટ



અમરેલી, તા.૨૫

એશિયા ખંડના પ્રતિનિધ દ્વારા ( NEDAC ) એગ્રિકલ્ચર અને કો –ઓપરેવીટ કમીટીના ચેરમેન બનતાં તથા અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના પૂનહ ચેરમેન બનતા દિગ્ગજ સહકારી આગેવાન સહકારી શીરોમણી દિલીપભાઈ સંઘાણીની મુલાકાત કરી શુભેચ્છાઓ પાઠવતા વેપારી અગ્રણી ત્રિપદા સેલ્સ એજન્સી વાળા ગીરીશભાઈ ભટ્ટ તથા નીલભાઈ ગીરીશભાઈ ભટ્ટ.

# લાઠીમાં થયેલા મોબાઈલ ચોરીનો ભેદ એલસીબીએ ખોલ્યો



અમરેલી, તા. ૨૫

લાઠીમાં મોબાઈલ ચોરીના ગુનામાં એક ઈસમને ચોરીના મોબાઈલ ફોન સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.ટીમે ઝડપી લીધેલ છે.

વિગત એવા પ્રકારની છે કે ગત તા. ૫/૭ના રોજ સાજીદભાઈ હનીફભાઈ ચૌહાણ,રહે.લાઠી,ચાવંડ દરવાજા પાસે ફુટનો વેપાર કરતા હોય તે દરમિયાન પોતાનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૪૦,૦૦૦નો કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય, જે અંગે સાજીદભાઈ દ્વારા એફઆઈઆર કરાવેલ હોય, જે એફઆઈઆર અંગે ખરાઈ કરી, તેના પરથી લાઠી પોલીસ સ્ટેશન ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક હરેશ વોરાએ અમરેલી જિલ્લામા ઈ–એફઆઈઆરથી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડીપાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઈલ ફોન તેમને પાછા મળે,તે માટે જરૂરી કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને જરૂરી માર્ગદર્શન આપેલ. ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે એલ.સી.બી. ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને લાઠી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન લાઠી, બસ સ્ટેન્ડ પાસેથી નિલેશ પ્રાગજીભાઈ ભાદાણી, રહે. શેખપીપરીયા, વાળા ઈસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન મળી આવતા, પકડાયેલ ઈસમને ચોરીના મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# સા.કુંડલામાં થયેલ મોબાઈલ ચોરીનાં ગુન્હામાં આરોપીની અટકાયત



અમરેલી તા.૨૫

સાવરકુંડલા ગામે રહેતા જૈમીનભાઈ મુકેશભાઈ ચોડવડીયાએ પોતાનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૯,૦૦૦નો પોતાના ઘરે ટેબલ ઉપર રાખેલ હોય,તે કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય,જે અંગે જૈમીનભાઈ દ્વારા ઈ–એફઆઈઆર કરાવેલ હોય, ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે એલ.સી.બી. ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સાવરકુંડલા, જેસર રોડ ઉપરથી હાર્દીકગીરી ખુશાલગીરી ગોવામી, રહે. સાવરકુંડલા વાળા ઈસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન મળી આવતા,પકડાયેલ ઈસમને ચોરીના મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### કોંગી નગરસેવિકા સેજલબેન સોલંકીની માંગ

# અમરેલીમાં રોગચાળાએ માથુ ઊંચકયું હોય યુધ્ધનાં ધોરણે દવા છંટકાવ કરો

### પાલિકાનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવવામાં આવ્યો



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, મેલેરીયા, તાવ, શરદી–ઉધરસ, ઝાડા–ઉલ્ટી સહિતનાં રોગચાળા વકરી રહ્યા છે.

આ તમામ રોગચાળા પ્રત્યે ગંભીરતાપૂર્વક પગલા લેવા અને વકરતા રોગચાળાનાં ઉપચાર માટે અમરેલી નગરપાલિકા ધ્વારા અમરેલી શહેરનાં છેવાડાનાં વિસ્તારમાં ડીડીટી છંટકાવ કરવા, ફોગીંગ મશીન ધ્વારા તમામ વિસ્તારમાં દવાનો છંટકાવ કરવામાં આવે તો અહીના સ્થાનિક વિસ્તારના રહેવાસીઓને આવા રોગચાળામાંથી બચાવી શકાય તેમ છે. તો આ બાબતે યોગ્ય કરી તાત્કાલીક ધોરણે અમરેલી શહેરનાં છેવાડાનાં વિસ્તારમાં આવી કામગીરી કરવા નગરસેવિકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને રજૂઆત કરેલ છે.

### ક્રિષ્ના કન્જયુમર્સ અને શરાફી મંડળી દ્વારા ફરિયાદ થતાં

# લીલીયા કોર્ટે ચેક રીટર્ન કેસમાં આરોપીને ૬ માસની સજાનો હુકમ કરતા ફફડાટ

### આરોપી હાલ ફરાર હોય પોલીસને ઝડપી લેવા આદેશ

લીલીયા મોટા, તા. ૨૫

લીલીયા મોટા ક્રિષ્ના કન્જયુમર્સ અને શરાફી સહકારી મંડળી લી. માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) લાલજીભાઈ ખોડાભાઈ મકવાણા, રહે. લીલીયા, તા.લીલીયા હાલ, સુરત વાળાનો ચેક રૂા. ૫૮,૪૪૨ નો ધીરાણની રકમ તથા તે પર વ્યાસ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ક્રિષ્ના કન્જયુમર્સ અને શરાફી સહકારી મંડળીનાં ચેરમેન હાર્દિકભાઈ જે દવેએ આ બાકીદાર સામે મંડળીનાં લીંગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરીયાદ કેસ નં. ૬૨૧/૨૦૨૨ નો દાખલ કરેલ છે. અને કેસ ચાલી જતા અદાલત દ્વારા લાલજીભાઈ ખોડાભાઈ મકવાણા રહે. લીલીયાને છ માસની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ રૂા. ૫૮,૪૪૨ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેમજ તેટલી જ રકમનો દંડ નામદાર કોર્ટમાં ભરવો અને દંડ ન ભરે તો વધુ એકમાસની સજા ભોગવવા લીલીયાનાં પ્રિન્સીપાલ સિવલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીનાં બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છો. આરોપી હાલ ફરાર હોઈ અદાલત મારફત એસ.પી. અમરેલીને સજા વોરન્ટ મોકલી સત્વરે ઘરપકડ કરી જેલ હવાલે કરવા હુકમ કરવામાં આવેલ છે.

### પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી

# સુરતના કેન્સરના દર્દીને રૂપિયા ૩ લાખની સહાય

### સાંસદની જહેમતથી સહાય મળી

અમરેલી, તા. ૨૫

સુરત શહેરના વતની પ્રકાશભાઈ ગોવિંદભાઈ નારોલાને કેન્સરની તકલીફ થતાં તેઓ કિરણ હોસ્પિટલ–સુરત ખાતે સારવાર હેઠળ છે. પરંતુ પ્રકાશભાઈ નારોલાની આથિક પરિસ્થિતિ નબળી હોવાથી સારવારનો ખર્ચ પરવડી શકે તેમ ન હતા. જેથી તેઓએ અમરેલીના સાંસદને રજૂઆત કરતા સાંસદે નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રી રાહત ફંડ માંથી સહાય મંજુર કરવા માટે ભલામણ કરતા પ્રધાનમંત્રી તરફથી તા.૦૫/૧૦/૨૦૨૩ના રોજ પી.એમ. રીલીફ ફંડમાંથી દર્દીના સારવાર ખર્ચને પહોંચી વળવા રૂા. ત્રણ લાખની સહાય મંજુર કરવામાં આવતા પ્રકાશભાઈ ગોવિંદભાઈ નારોલાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સાંસદ નારણભાઈ કાછડીયાનો આભાર વ્યકત કરેલ છે.

# ઇફકો દ્વારા કલોલ ખાતે અમિતશાહનાં હસ્તે દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં નેનો ડીએપી પ્લાન્ટનો શુભારંભ















વિશ્વમાં સૌ પ્રથમ ભારતે વિકસાવેલ અને ઈફકો દ્વારા તૈયાર કરવામા આવેલ નેનો ડીએપી (લીકવીડ) જે ઈફકો દ્રારા તૈયાર કરાયેલ સમગ્ર વિશ્વનું સર્વ પ્રથમ પ્રવાહી ખાતર પ્લાન્ટનું દશેરાના પાવન દિવસે કેન્દ્રીય ગૃહ–સહકાર મંત્રી અમીતશાહ–દિલીપ સંઘાણીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવેલ આ તકે કેન્દ્રીય રસાયણ મંત્રી મનસુખભાઈ માડવીયા સહિત વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયાં હતા. ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી એ જણાવેલ કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકારમંત્રી અમીતભાઈ શાહે બીજ સરક્ષણ અને કૃષિ પેદાશોની નિકાસ–વિકાસ ઉત્પાદનમાં અસરકારક પરિણામો લાવવા સાથે ઉપજનું સારુ વળતર દેશના કિસાનોને મળી રહે તે દિશામાં ક્રમશઃ અસરકારક લાગુ કરેલ નિતી–નિયમોની છણાવટ કરી હતી. ઈફકો દેશની ખાતર જરૂરીયાત પુરી પાડે છે ઉત્પાદન અને વપરાશને ધ્યાને લઈ સંતુલીત નેનો યુરીયા–ડીએપી ખાતર તૈયાર કરવામાં આવેલ છે. જે ગુજરાતની ભૂમિ પરના ઈફકોના સૌથી મોટા પ્લાન્ટમાં તૈયાર કરાયેલ છે જે પાકની ઉપજની ઉણપ, પૌષક તત્વોની ઓછી કાર્યક્ષમતા, માટીમા કાર્બનીક પદાર્થો ની ઘટ, વિવિધ પૌષક તત્વોની ઓછી કાર્યક્ષમતા, માટીમાં કાર્બનીક પદાર્થોની ઘટ, વિવિધ પોષક તત્વોની ખામી, ખેતીલાયક જમીન પાણીની ઉપલબ્ધતામાં ઘટાડો જેવા વિવિધ પડકારોનો ઉકેલ આ પ્રવાહી ખાતરથી મળી જશે તેમ જણાવેલ અમીતભાઈ શાહે દેશવાસીઓને દશેરાની શુભેચ્છા પાઠવી હતી. અને કહયું હતુ કે, આજનો દિવસ દશેરાનો દિવસ છે જે આપણી સંસ્કૃતિમાં અસત્ય પર સત્યની જીતનો દિવસ છે. સાથોસાથ આજે મહાન સ્વાતંત્ર સેનાની કેપ્ટન લક્ષ્મી સહગલની પણ જન્મજંયતિ છે. આઝાદ હિંદ ફોઝના કેપ્ટન લક્ષ્મી સેહગલે નેતાજી સુભાષચંદ્ર બોઝ સાથે મળીને આઝાદીની લડાઈનું બહાદુરીપૂર્વક નેતૃત્વ કર્યુ હતુ. શાહે વધુમાં જણાવ્યું કે, આજનો દિવસ ગુજરાત સહિત સમગ્ર પશ્ચિમ ભારત માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. કારણ કે, ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ઈફકોના નેનો ડીએપી (લીકવીડ) પ્લાન્ટન ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. સહકાર મંત્રીએ નેનો ડીએપીમા ભારતને વિશ્વમાં પ્રથમ સ્થાને લઈ જવા બદલ ઈફકો ટીમને અભિનંદન આપતા જણાવ્યું હતુ કે, ભારત પાસે ફળદુપ જમીન છે. ઉજળી જમીન છે. ખેતી પ્રધાન દેશ છે. આટલી મોટી ખેતી લાયક જમીન છે અનેક ઉપજ છે સૌ સાથે મળીને ખેતીને સાત્વિક સ્વરૂપ આપવા વિજયાદશમીએ સંકલ્પબદ્ધ બનીએ તેમ સંબોધન સમાપ્ત કરતા શાહે જણાવેલ.

### વિધાનસભાની ચૂંટણીઓ માટે પ્રચારનો ધમધમાટ

# હું લખીને આપું છું કે હવે મોદી સરકાર નહીં આવે : રાહુલ ગાંધી

### કોંગ્રસ નેતા રાહુલ ગાંધીએ જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક સાથે વાતચીત કરી

નવી દિલ્હી, તા.૨૫

આગામી નવેમ્બર ડિસેમ્બરમાં ૫ રાજ્યોમાં લોકસભાની સેમિફાઈનલ કહેવાતી વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે, જેનું હાલ ધમધોકાટ પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે. આ ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ ૨૦૨૪માં લોકસભા ચૂંટણીઓ યોજાવાની છે, જે માટે મોટાભાગના પક્ષોએ અત્યારથી જ યોજનાઓ ઘડવાની શરૂ કરી દીધી છે. તો કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ ચૂંટણીઓ પહેલા ખુબ જ સક્રિય જોવા મળી રહ્યા છે. દરમિયાન રાહુલ અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક મુલાકાત થઈ હતી, જેમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને વચ્ચે ૨૮ મિનિટ સુધી થયેલી વાતચીત દરમિયાન મોદી સરકારનો પણ ઉલ્લેખ કરાયો હતો.

કોંગ્રસ નેતા રાહુલ ગાંધીએ જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક સાથે વાતચીત કરી હતી. ૨૮ મિનિટની વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ



સત્યપાલ મલિકને વિવિધ મુદ્દાઓ ઉપર વાત કરી. વાતચીત દરમિયાન સત્યપાલ મલીકે કહ્યું કે, 'ચૂંટણીને માત્ર ૬ મહિના બાકી છે. હું લખીને આપું છું કે, હવે આ (મોદી સરકાર) નહીં આવે...'

વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ મલિકને કહ્યું કે, મને લાગે છે કે, ભારતનું રાજકારણ બે વિચારધારાની લડાઈ છે, એક ગાંધીવાદી અને બીજી આરએશએશની... બંનેના વિઝન હિન્દુત્વ છે... એક અહિંસા અને ભાઈચારાની વિચારધારા છે, બીજી નફરત અને અહિંસાની... આ બાબતે તમારું શું કહેવું છે?

આ સવાલના જવાબમાં સત્યપાલ મલિકે કહ્યું કે, મારું માનવું છે કે, હિન્દુસ્તાન એક દેશ તરીકે ત્યારે જ સર્વાઈવ કરશે, જ્યારે લિબરલ હિન્દુજમના રસ્તે ચાલશે... આ ગાંધીનું વિઝન હતું, તેઓ ગામે ગામ ગયા હતા, ત્યારે આ વિઝન સુધી પહોંચ્યા હતા... જો આ વિચારધારા પર દેશ ચાલશે, ત્યારે જ ચાલી શકશે, નહિં તો ટુકડા થઈ જશે... આપણે લડાઈ-ઝગડા કર્યા વગર એક થઈને રહેવું પડશે. મલિકે કહ્યું કે, લોકોએ ટીવી જોવાનું બંધ કરી દીધું છે, તે સારી વાત છે. આપણી પાસે સોશિયલ મીડિયાનું માધ્યમ છે, જોકે આ લોકો તેના પર પણ લગામ કસવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ દરમિયાન રાહુલે કહ્યું કે, મારા યુટ્યૂબ એકાઉન્ટને દબાવીને રાખ્યું છે. છેલ્લે રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે તમારી સાથે વાત કરી, તેથી તમારા પર પણ આક્રમણ થશે. તો મલિકે કહ્યું કે, આનાથી મને કોઈ ફરક પડતો નથી.

### ઓક્ટોબર મહિનો સમાપ્ત થવાના આરે

# નવેમ્બર મહિનામાં બેંકો ૧૫ દિવસ રહેશે બંધ

### રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશો મુજબ, બેંકો તમામ જાહેર રજાઓ અને અમુક પ્રાદેશિક રજાઓ પર ચોક્કસ રાજ્યના આધારે બંધ રહેશે

નવી દિલ્હી, તા.૨૫

ઓક્ટોબર મહિનો સમાપ્ત થવાના આરે છે. આ પછી નવેમ્બર શરૂ થશે. આવતા મહિને એટલે કે નવેમ્બર ૨૦૨૩માં ઘણા તહેવારો આવી રહ્યા છે.

આવી સ્થિતિમાં બેંકોમાં બમ્પર રજાઓ મળવાની છે. રજાઓના કારણે બેંકોને લગતા ગ્રાહકોના કામ પર અસર પડી શકે છે.

જો તમારે પણ બેંકને લગતું કોઈ કામ કરવાનું હોય તો જલ્દીથી જલ્દી કરી લો જેથી તમને પાછળથી પસ્તાવું ન પડે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશો મુજબ, બેંકો તમામ જાહેર રજાઓ અને અમુક પ્રાદેશિક રજાઓ પર ચોક્કસ રાજ્યના આધારે બંધ રહેશે. પ્રાદેશિક રજાઓ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની રજાઓની યાદી અનુસાર, આગામી મહિનામાં કુલ ૧૬ દિવસની રજાઓ હશે. જેમાં શનિવાર અને રવિવારની રજાઓનો પણ સમાવેશ થાય છે.

ખરેખર, નવેમ્બર મહિનામાં ૪ રવિવાર આવે છે. આ સાથે, બીજા અને ચોથા શનિવારે બેંક રજા છે, એટલે કે આ ૬ રજાઓ સમગ્ર દેશમાં નિશ્ચિત છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ કે આગામી મહિનામાં બેંકો ક્યારે બંધ રહેશે.

બેંકો બંધ હોવા છતાં, ગ્રાહકો ઘણા પ્રકારના કાર્યો ડિજિટલ રીતે પૂર્ણ કરી શકે છે. UPI, મોબાઈલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ જેવી ડિજિટલ સેવાઓ પર બેંક રજાઓની કોઈ અસર નથી. આવી સ્થિતિમાં, જો તમારું કોઈપણ કામ ડિજિટલી થઈ શકે છે,

તો તેના પર રજાઓની કોઈ અસર નહીં થાય. તમે તમારું કામ આરામથી પૂર્ણ કરી શકશો.

### લોકસભાની ચૂંટણી પહેલા આંતરિક વિવાદ

# ગુજરાત કોંગ્રેસમાં આંતરિક વિવાદ ચરમસીમાએ પહોંચ્યો

### માંગરોળ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરી પોતાનો રોષ ઠાલવવામાં આવ્યો હતો

સુરત, તા.૨૫

સુરત જિલ્લા કોંગ્રેસમા આંતરિક વિખવાદ હવે ચરમ સીમાએ પહોંચ્યો છે, પક્ષથી નારાજ ચાલતા હોદ્દેદારો એક બાદ એક ખુલીને બહાર આવી રહ્યા છે, બે દિવસ પહેલા સરદાર નગરી બારડોલીના કોંગ્રેસ સમિતિના સંગઠનના હોદ્દેદારોએ રાજીનામાં આપી દીધા બાદ આજે માંગરોળ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો.

સુરત જિલ્લાના વર્તમાન પ્રમુખ પોતાની મનમાની કરી રહ્યા હોવાનું ગંભીર આક્ષેપ કરી રહ્યા છે એક સમયે સુરત જિલ્લાના છેવાડે આવેલા માંગરોળ અને ઉમરપાડા તાલુકા કોંગ્રેસ નો ગઢ ગણાતો હતો પરંતુ કોંગ્રેસ પક્ષ આ વિસ્તારમાંથી નેસ્ત નાબૂદ થઈ ચુક્યો છે, વિધાનસભાની ચૂંટણીની વાત હોઈ કે પછી સ્થાનિક સ્વરાજ્યની, કોંગ્રેસનું પ્રદર્શન નાલેશીજનક રહ્યું છે જિલ્લા પંચાયત તાલુકા પંચાયત માંડ એકાદ બે બેઠકો કોંગ્રેસ જીતી ચુક્યા છે, સુરત જિલ્લા પ્રમુખ દ્વારા હોદ્દેદારોની વરણીમા પણ પક્ષ પાટ કરવામાં આવ્યો છે. માંગરોળ વિધાનસભા વિસ્તારમાં વસાવા અને મુસ્લિમ સમાજની બહુ વસ્તી હોવા છતાં તેમની બાદબાકી કરવામાં આવે છે, જેને લઈ માંગરોળ તાલુકા કોંગ્રેસ દ્વારા જિલ્લા પ્રમુખ મનહર પટેલ તેમજ દક્ષિણ ગુજરાતના પ્રભારી યુનુષ પટેલને હોદ્દા પરથી હટાવા માંગ કરી છે, બારડોલી તાલુકા કોંગ્રેસ બાદ માંગરોળ તાલુકા કોંગ્રેસ પણ માંગ કરી રહ્યું છે. સુરત જિલ્લા પ્રમુખ મનહર પટેલે બારડોલી અને માંગરોળ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને સખત શબ્દોમા વખોડી નાખ્યા છે, જે હોદ્દેદારો વિરોધ કરી રહ્યા છે તેઓનો વિરોધ પાયા વિહોણો છે કોંગ્રેસ પક્ષ ની જે હાલત છે તે હોદ્દેદારો ના કારણે છે કોઈ પણ કાર્યક્રમ હોઈ હોદ્દેદારોને વારંવાર ટેલિફોનિક તેમજ મેસગ દ્વારા જાણ કરવા છતાં કાર્યકમમા ગેરહાજર રહે છે પાર્ટી દ્વારા શોપવામાં આવતા કામની જવાબદારી પણ નિભાવતા નથી અને જેને લઈ કોંગ્રેસને મજબૂત બનાવા માટે જુના હોદ્દેદારોને હટાવી નવાની નિમણુંક કરવામાં આવી છે , જિલ્લા પ્રમુખ એ આશંકા પણ વ્યક્તિ કરી હતી કે તેમની વિરૃદ્ધ કોઈ ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.

### ઈઝરાયલ અને હમાસ યુદ્ધની અસર ભારતીય શેર બજાર પર

# શેરબજાર ફરી ઊંધા માથે પટકાયું, રોકાણકારોના બે લાખ કરોડ ડૂબ્યા

### સેન્સેક્સમાં ૫૨૩ અને નિફ્ટીમાં ૧૬૦ પોઈન્ટનું ગાબડું પડ્યું, આઈટી, રિયલ્ટી, ફાર્મા ઈન્ડાઈસિસમાં દબાણ, બેન્કિંગ, ઓટો, એનર્જી શેરોમાં વેચવાલી

મુંબઈ, તા.૨૫

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધની અસર ભારતીય શેર બજાર પર પડતી જોવા મળી રહી છે. આજે ફરી બજાર લાલ નિશાન સાથે બંધ થયું છે. માર્કેટમાં મંદીનો દોર યથાવત છે. સેન્સેક્સ- નિફ્ટી સતત ૫માં દિવસે ઘટાડા સાથે બંધ રહ્યો હતો. નિફ્ટી લગભગ ૪ મહિનાના સૌથી નીચા સ્તરે બંધ થયો છે.

મેટલ સિવાય બીએસઈના તમામ સેક્ટર ઈન્ડેક્સ ઘટ્યા છે. આઈટી, રિયલ્ટી, ફાર્મા ઈન્ડાઈસિસમાં દબાણ જોવા મળ્યું હતું જ્યારે બેંક્િંગ, ઓટો, એનર્જી શેરોમાં વેચવાલી જોવા મળી હતી. મેટલ, પીએસયુ બેંક ઈન્ડેક્સ મામૂલી વધારા સાથે બંધ થયા છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૫૨૨.૮૨ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકાના ઘટાડા સાથે ૬૪,૦૪૯.૦૬ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫૯.૬૦ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકાના ઘટાડા સાથે ૧૯,૧૨૨.૨૦ના સ્તર પર બંધ થયો હતો.

આ સપ્તાહે સતત બીજા ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજાર મોટા ઘટાડા સાથે બંધ થયું છે. બેંક્િંગ, મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં ભારે વેચવાલીને કારણે ભારતીય શેરબજારમાં સતત છઠ્ઠા ટ્રેડિંગ સેશનમાં ઘટાડો નોંધાયો હતો. ઈઝરાયેલ-હમાસ યુદ્ધના કારણે બજારમાં અસ્થિરતા જોવા મળી રહી છે. જો કે સવારે બજાર લીલા નિશાન સાથે ખુલ્યું હતું, પરંતુ બપોરના વેપારમાં બજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૫૨૨ પોઈન્ટ ઘટીને ૬૪,૦૪૯ પોઈન્ટ પર બંધ થયો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૬૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૧૨૨ પોઈન્ટ પર બંધ થયો હતો. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ અટકે તેવી કોઈ શક્યતા નથી. આ યુદ્ધ પશ્ચિમ એશિયાના અન્ય દેશોમાં ફેલાઈ જવાનો ડર છે જેના કારણે શેરબજાર અસ્થિરતા જોવા મળી રહી છે. જો આમ થશે તો ક્રૂડ ઓઈલના ભાવ વધી શકે છે. તે જ સમયે, અમેરિકન ટ્રેઝરી બોન્ડ્સ પર યીલ્ડ ૫ ટકાને વટાવી ગઈ છે. તેના કારણે પણ બજારમાં દબાણ છે. અમેરિકામાં વ્યાજદરમાં વધારો થવાની સંભાવના છે.

આજના કારોબારમાં આઈટી, બેંક્િંગ, ફાર્મા, એફએમસીજી, એનર્જી, મીડિયા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે માત્ર મેટલ સેક્ટરના શેર જ લીલા નિશાનમાં બંધ રહ્યા હતા. PSU બેંક્રોના ઈન્ડેક્સમાં પણ વધારો જોવા મળ્યો હતો. જોકે, નિફ્ટી બેંક્િંગ ઈન્ડેક્સ ૩૨૦ પોઈન્ટ ઘટીને ૪૨,૮૩૨ પર બંધ થયો છે. નિફ્ટી બેંક્રના ૧૨માંથી ૮ શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. બજારમાં ઘટાડાને કારણે બીએસઈમાર્કેટ મૂડીમાં ફરી ઘટાડો થયો છે. આજે બજાર બંધ થતાં બીએસઈનું માર્કેટ કેપ રૂ. ૩૦૯.૩૩ લાખ કરોડ થયું હતું જ્યારે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૩૧૧.૩૦ લાખ કરોડ હતું એટલે કે આજના વેપારમાં રોકાણકારોને રૂ. ૨ લાખ કરોડનું નુકસાન થયું છે.

### ટૂંક સમયમાં આવશે નવો નિયમ

# કોઈપણ હોસ્પિટલમાં એક રુપિયો આપ્યા વગર થશે સારવાર

### સુવિધાઓ લાગૂ થવાની સાથે પોલિસીધારક દેશના કોઈપણ ભાગમાં સ્થિત હોસ્પિટલમાં ૧૦૦% કેશલેસ સારવારની સુવિધા મેળવી શકશે

નવી દિલ્હી, તા.૨૫

ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા આરોગ્ય વીમા પોલિસીમાં બે નવી સુવિધાઓ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. તે દેશભરની કોઈપણ આરોગ્ય વીમા અથવા સામાન્ય વીમા કંપની દ્વારા જારી કરવામાં આવતી તમામ આરોગ્ય પોલિસીઓ માટે હોસ્પિટલોનું નેટવર્ક અને ૧૦૦% કેશલેસ સેટલમેન્ટ સિસ્ટમ છે. આ સુવિધાઓ લાગૂ થવાની સાથે પોલિસીધારક દેશના કોઈપણ ભાગમાં સ્થિત હોસ્પિટલમાં ૧૦૦% કેશલેસ સારવારની સુવિધા મેળવી શકશે. હાલમાં ભારતમાં ૪૯ ટકા હોસ્પિટલોમાં કેશલેસ સેટલમેન્ટની સુવિધા છે. વધારે મોંઘા તબીબી બીલો ટાળવા માટે જનરલ અને હેલ્થ ઈન્સોરન્સ કંપનીઓ લિસ્ટેડ હોસ્પિટલોની સૂચીમાં બદલાવ કરતા રહે છે. તેનાથી બચવા માટે વીમા નિયામક તમારી આરોગ્ય વીમા ક્લેઈમની સેટલમેન્ટ પ્રક્રિયાને સરળ બનાવવા માટે રાષ્ટ્રીય સ્તરના જનરલ કેશલેસ હોસ્પિટલ નેટવર્કને લાવવા માટે જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલ સાથે મળીને કામ કરી રહ્યું છે. જૂનો જનરલ ઈન્શ્યોરન્સના એમડી અને સીઈઓ શનાઈ ઘોષનું કહેવું છે કે, પ્રથમ તબક્કામાં વીમા કંપનીઓમાં હોસ્પિટલોની કોન્સોલિડેટેડ લિસ્ટ બનાવવામાં આવી રહી છે. જીઆઈસી મારફતે એક સેન્ટ્રલાઈઝ્ડ નેટવર્ક બનાવવામાં આવશે જે હોસ્પિટલો અને તમામ લાઈસન્સ પ્રાપ્ત હેલ્થ અને જનરલ વીમા કંપનીઓ સાથે ઈન્ડસ્ટ્રી સ્તરનો કરાર હશે. જીઆઈ કાઉન્સિલના સભ્યો આ કરારનો ભાગ બનશે. શનાઈ ઘોષનું કહેવું છે કે, એક વખત સંપૂર્ણ પણે અમલમાં આવ્યા બાદ દરેક વીમા કંપનીના ગ્રાહકને એક જ સેન્ટ્રલાઈઝ્ડ નેટવર્કની સુવિધા મળી જશે. જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલે હોસ્પિટલોની સામાન્ય પેનલની રચના કરવા માટે પહેલેથી જ એક સમિતિની રચના કરી છે. આ સવાલના જવાબમાં શનાઈ ઘોષ કહે છે કે, આ પહેલથી અમે ગ્રાહકોને ઈન્ટીગ્રેટેડ સેન્ટ્રલાઈઝ્ડ કેશલેસ હોસ્પિટલ નેટવર્ક ઉપલબ્ધ કરાવી શકીશું. જે સુનિશ્ચિત કરશે કે ગ્રાહક માટે ક્લેઈમનો અનુભવ મુશ્કેલીઓથી મુક્ત હોય. જો ગ્રાહકો પાસે કોઈ વીમો છે, તો તેમની પાસે તમામ કેશલેસ હોસ્પિટલોની એક્સેસ હશે. ઈન્ટિગ્રેટેડ સેન્ટ્રલાઈઝ્ડ કેશલેસ હોસ્પિટલ નેટવર્ક માટે ઈન્ડસ્ટ્રી લેવલ પ્રાઈસિંગ નક્કી કરવામાં આવશે. એચડીએફસી ઈઆરજીઓ જનરલ ઈન્શ્યોરન્સના રિટેલ બિઝનેસના પ્રેસિડેન્ટ પાર્થાનિલ ઘોષનું કહેવું છે કે, કેશલેસ નેટવર્કના ભાગરૂપે તમામ હોસ્પિટલો ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે ઈન્ડસ્ટ્રી સાથે મળીને કામ કરશે. આનાથી ખર્ચમાં ઘણો ઘટાડો થશે અને છેતરપિંડી પણ ઓછી થશે. જે સુનિશ્ચિત કરશે કે, હોસ્પિટલોમાં તબીબી સારવાર મેળવતી વખતે વાસ્તવિક ગ્રાહકોને ઓછામાં ઓછી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જનરલ કેશલેસ નેટવર્કને તમામ ઈન્સ્યોરન્સ પ્લેયર્સ એક્સેસ કરી શકે છે. તેના દ્વારા નિયામક ૧૦૦ ટકા કેશલેસ હેલ્થ ઈન્સ્યોરન્સ ક્લેમ સેટલમેન્ટ સિસ્ટમ શરૂ કરવાની પણ યોજના બનાવી રહ્યું છે. એચડીએફસી એર્ગોના પાર્થાનિલ ઘોષ કહે છે કે, વર્તમાનમાં મોટા ભાગની વીમા કંપનીઓ માટે કેશલેસ ક્લેમ સેટલમેન્ટ લગભગ ૬૫ ટકાથી ૭૦ ટકા છે.

### હોસ્પિટલમાં ૧૪ બાળકોને સંક્રમિત લોહી ચઢાવાયું

# ડબલ એન્જિનની સરકારે આરોગ્ય વ્યવસ્થાને ડબલ બીમાર કરી નાખી : ખડગે

### ભાજપ સરકારના આ અક્ષમ્ય ગુનાની સજા નિર્દોષ બાળકો ભોગવી રહ્યા હોવાનો કોંગ્રેસના નેતાનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૨૫

ઉત્તર પ્રદેશના કાનપુરની એક સરકારી હોસ્પિટલમાં ૧૪ બાળકોને સંક્રમિત લોહી ચઢાવી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ આ બાળકોને એચઆઈવીએઈડ્સ, હેપેટાઈટિસ બીઅને સીજેવી બીમારીઓ થઈ ગઈ છે. આ મુદ્દે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર અને યુપી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, ડબલ એન્જિનની સરકારે આરોગ્ય વ્યવસ્થાને પણ ડબલ બીમાર કરી નાખી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર તેમણ લખ્યું કે, ડબલ એન્જિનની સરકારે આરોગ્ય વ્યવસ્થાને પણ ડબલ બીમાર કરી નાખી છે. યુપીના કાનપુરમાં એક સરકારી હોસ્પિટલમાં થેલેસેમિયાના ૧૪ બાળકોને સંક્રમિત લોહી ચઢાવી દીધુ હતું. જેના કારણે બાળકોને એચઆઈવીએઈડ્સ, હેપેટાઈટિસ બીઅને સીજેવી ચિંતાજનક બીમારીઓ થઈ ગઈ છે. આ ગંભીર બેદરકારી શરમજનક છે.

કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું કે, ભાજપ સરકારના આ અક્ષમ્ય ગુનાની સજા નિર્દોષ બાળકો ભોગવી રહ્યા છે. ગઈકાલે મોદીજી કાલે આપણને ૧૦ સંકલ્પો લેવીની મોટી-મોટી વાતો શીખવી રહ્યા હતા. શું તેમણે ક્યારેય પોતાની ભાજપ સરકારની નખ જેટલી જવાબદારી પણ નક્કી કરી છે.

કાનપુરની લાલા લાજપત રાય હોસ્પિટલમાં ૧૪ બાળકોને સંક્રમિત લોહી ચઢાવી દેવામાં આવ્યુ હતું. જે બાદ તેમની તપાસમાં જાણવા મળ્યું કે, આ બાળકોમાં એચઆઈવીએઈડ્સઅને હેપેટાઈટિસ બીઅને સીનું સંક્રમણ ફેલાઈ ગયુ છે.

ડોક્ટર્સે જણાવ્યું કે, આ લોહી રક્તદાન હેઠળ લેવામાં આવ્યું હતું. સંક્રમિત બાળકોમાંથી સાતમાં હેપેટાઈટિસ બી, પાંચમાં હેપેટાઈટિસ સીઅને બે બાળકોમાં એચઆઈવીની પુષ્ટિ થઈ છે.

આ બાળકો કાનપુર દેહાત, ફરુખાબાદ, ઈટાવા, ઔરૈયા અને કન્નૌજ સહિત ઉત્તર પ્રદેશના વિવિધ જિલ્લાઓમાંથી આવે છે.

### દિવાળી પહેલા ખેડૂતો માટે સારા સમાચાર આવ્યા

# પીએન્ડકે ખાતરો પર રૂ. ૨૨,૩૦૩ કરોડની સબસિડીના પ્રસ્તાવને મંજૂરી

### મંત્રી મંડળે નાઈટ્રોજન, ફોસ્ફોરસ, પોટાશ અને સલ્ફર જેવા વિભિન્ન માટી પોષક તત્વો પર પોષણ આધારિત સબસિડી આપવાનો નિર્ણય કર્યો

નવી દિલ્હી, તા.૨૫

દિવાળી પહેલા ખેડૂતો માટે સારા સમાચાર આવ્યા છે. મોદી સરકારે ખેડૂતોને મોટી રાહત આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે આજે ચાલુ રવી સિઝનમાં ખેડૂતોને વ્યાજબી ભાવે ખાતર આપવા માટે પીએન્ડકેખાતરો પર રૂ. ૨૨,૩૦૩ કરોડની સબસિડી આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે મંત્રી મંડળની બેઠક બાદ મીડિયાને આ નિર્ણયની માહિતી આપી છે.મંત્રી મંડળે નાઈટ્રોજન, ફોસ્ફોરસ, પોટાશ અને સલ્ફર જેવા વિભિન્ન માટી પોષક તત્વો પર પોષણ આધારિત સબસિડી આપવાનો નિર્ણય કર્યો છે. આ સબસિડી ૧ ઓક્ટોબર ૨૦૨૩થી ૩૧ માર્ચ ૨૦૨૪ના રવી પાક સિઝન પર લાગુ થશે. અનુરાગ ઠાકુરે કહ્યું કે, ડાઈ-એમોનિયમ ફોસ્ફેટ ખાતર પહેલાની જેમ ૧,૩૫૦ રૂપિયા પ્રતિ બોરીના દરે ખેડૂતોને આપવામાં આવશે. બીજી તરફ પોટાશ મ્યૂરિએટના દરોમાં ઘટાડો કરવામાં આવશે. સરકારે નાઈટ્રોજન પર ૪૭.૦૨ રૂપિયા પ્રતિ કિલોગ્રામ, ફોસ્ફોરસ પર ૨૦.૮૨ રૂપિયા પ્રતિ કિલોગ્રામ અને પોટાશ પર તે ૨.૩૮ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સબસિડી મંજૂર કરી છે. બીજી તરફ સલ્ફર માટે સબસિડી ૧.૮૯ રૂપિયા પ્રતિ કિલોગ્રામ મંજૂર કરવામાં આવી છે.

### એસટી બસોમાં છુટ્ટા પૈસાની માથાકૂટમાંથી છુટકારો

# એસટી નિગમની બસોમાં નવા બે હજાર UPI મશીન આપવામાં આવ્યા

### મુસાફરો બસમાં બેઠા પછી સ્વાઈપ કરીને પણ ટીકિટ લઈ શકશે, એસટી બસમાં ડિજિટલ પેમેન્ટ સુવિધા ઉભી કરતા કંડક્ટરોને પણ રાહત મળશે

ગાંધીનગર, તા.૨૫

એસટી બસમાં મુસાફરી કરતા સમયે છુટ્ટા પૈસાને લઈને બસ કંડક્ટર સાથે ઘણી વખત મુસાફરોને માથાકુટ થતી હોવાના અનેક કિસ્સાઓ સામે આવતાં હોય છે. ત્યારે હવે કંડક્ટર અને મુસાફરો વચ્ચે છુટ્ટા પૈસાને લઈને તો કકળાટ બંધ થઈ જશે. આજથી એસટી બસમા UPIથી પેમેન્ટ કરવાનો પ્રારંભ થઈ ગયો છે. હવેથી મુસાફરો બસમાં બેઠા પછી સ્વાઈપ કરીને પણ ટીકિટ લઈ શકશે. એસટી બસમાં ડિજિટલ પેમેન્ટ સુવિધા ઉભી કરતા કંડક્ટરોને પણ રાહત મળશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત એસટી નિગમની આજે ૪૦ બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર એસટી ડેપોમાંથી લીલીઝંડી બતાવીને નવી બસોનું લોકાર્પણ કર્યુંહતું. તેમણે કહ્યુંહતુંકે, એક વર્ષમાં એસટી વિભાગમાં નવી બસો સામેલ કરવામાં આવી છે. દરેક બસમાં મુસાફરોને સારી સુવિધાઓ મળશે. આવનારા વર્ષમાં નવી બે હજાર જેટલી બસો લાવવામાં આવશે. એસટી નિગમની બસોમાં નવા બે હજાર UPI મશીન આપવામાં આવ્યાં છે. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં ફરવા લાયક સ્થળો અને ધાર્મિક સ્થળો પર આગામી સમયમાં દિવાળીનો તહેવાર હોવાથી એસટી વિભાગ મુસાફરોની સુવિધાઓને લઈને તૈયાર થઈ ગયો છે. એસટી નિગમ દ્વારા ટુ સિટર બસ બનાવવામાં આવી છે. જેમાં ૪૦ બસ પૈકી અમદાવાદને ૧૫ અને મહેસાણાને ૭ બસો ફાળવવામાં આવી છે. તે ઉપરાંત વડોદરાને ૧૦, ગોધરાને ૬ અને ભરૂચને બે બસો ફાળવાઈ છે.

### હજારોની સંખ્યામાં ખુલશે રોજગારના અવસરો

# ગુજરાત સરકાર અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે ૭,૪૬૦ કરોડના MoU

### રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા MoU વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિલસીલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં ૩૯ MoU રૂ. ૧૮,૪૮૬ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે

અમદાવાદ, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આગામી જાન્યુઆરી-૨૦૨૪ માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦ મી સીરીઝનાં પ્રારંભ પૂર્વે જ વિવિધ ઉદ્યોગ જુથો સાથ MoUનો ઉપક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વેગવંતો બન્યો છે. રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા રૈ વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિર્લેસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં ૩૯ MoU રૂ. ૧૮,૪૮૬ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે. રૂ. ૭૪૫૯.૬૮ કરોડના MoU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ શૃંખલામાં આગળ વધતા રાજ્યમાં સ્માર્ટ એન્ડ સસ્ટેઈનેબલ સિટી ડેવલપમેન્ટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગે પણ વાઈબ્રન્ટ સમિટ પૂર્વાર્ધ રૂપે રિયલ એસ્ટેટ ડેવલપર્સ સાથે મહત્વપૂર્ણ MoU આ સપ્તાહે યોજયેલી કડીમાં કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૮ જેટલા ડેવલપર્સ દ્વારા રાજ્યના અમદાવાદ, વડોદરા અને સુરત મહાનગરમાં કોમર્શિયલ પ્રોજેક્ટસ, કોમર્શિયલ એન્ડ૫ રેસીડેન્સીયલ પ્રોજેક્ટસ માટે કુલ રૂ. ૭૪૫૯.૬૮ કરોડના MoU શહેરી વિકાસ વિભાગ સાથે કરવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટસ પર સત્વરે કામ શરૂ થશે અને સંભવત ૨૦૨૬ થી ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે એટલું જ નહિ તેમાં અંદાજે ૪,૭૫૦ જેટલા લોકોને રોજગાર અવસર મળવાની સંભાવના છે.

ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે અનેક મોટા રોકાણો તથા ઔદ્યોગિક પ્રોજેક્ટસ આવ્યા છે. પરિણામે રાજ્યના મહાનગરોમાં વર્લ્ડક્લાસ સુવિધાઓ વિકસે તથા અન્ય કોમર્શિયલ અને રેસીડેન્સીયલ ફેસેલીટીઝ પણ સમયની માંગ અનુરૂપ અદ્યતન બને તેવી અપેક્ષાની આપૂર્તિ માટે મ્યુનિસિપલ સંસ્થાઓ અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે થયેલા આ MoU નિર્ણાયક બની રહેશે. તદઅનુસાર, મોટી ઈમારતો અને લાર્જ સ્કેલ હાઉસીંગ પ્રોજેક્ટસના નિર્માણ ક્ષેત્રે અનુભવી ડેવલપર્સ અને બાંધકામ ઉદ્યોગની તજજ્ઞતાનો લાભ રાજ્ય સરકારને મળશે. સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, હાઉસીંગ સેક્ટર સહિતના સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમેન્ટથી મોટા પાયે રોજગારીનું સર્જન પણ આવા પ્રોજેક્ટસ કાર્યરત થતાં થઈ શકશે.

નોંધનીય છે કે રાજ્યના પાંચ મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમાં સ્કાયરાઈઝ બિલ્ડીંગ્સ, ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી ઈમારતોના નિર્માણ માટે બાંધકામ નિયમોમાં ૨૦૨૦માં વિશેષ જોગવાઈઓ દાખલ કરેલી છે. પરિણામેં આ મહાનગરોમાં જમીનોના મહત્તમ ઉપયોગ સાથે સંપૂર્ણ કોર્પોરેટ બિલ્ડિંગ્સ અને ઉંચા કોમર્શિયલ પ્રોજેક્ટસ શરૂ થવા જઈ રહ્યા છે.આ સંદર્ભમાં જે MoU થયા છે તેમાં, અમદાવાદ મહાનગરમાં ૪ પ્રોજેક્ટસમાં રૂ. ૬,૬૦૧ કરોડના સંભવિત રોકાણો આવશે.એટલું જ નહીં, સુરતમાં રૂ. ૪૫૦ કરોડના અને વડોદરામાં રૂ. ૪૧૦ કરોડના રોકાણો માટેના MoU કરવામાં આવ્યા છે.

### સુર્યોદય કેળવણી મંડળ ટ્રસ્ટની શ્રેષ્ઠ કામગીરી

# સા.કુંડલા : સાસરીયાઓનાં ત્રાસથી અસહાય બનેલ બહેનોને સહાય કરાઈ

## બન્ને બહેનોનાં બાળકોની પણ જાળવણી શરૂ થઈ

અમરેલી, તા.૨૫

સાવરકુંડલામાં એક સાથે બે નિસહાય ત્યકતા બહેનોનો કિસ્સો એક જ સરખો બહાર આવ્યો છે.બંને બહેનોની કરમની કઠણાઈ સરખી છે.બંને બહેનોને સાસરીયાઓએ પહેરે કપડેકાઢી મૂકી છે. એક દીકરી કે જેમનું પિયર સાવરકુંડલા શિવાજી નગરમાં છે. આ દીકરીના લગ્ન પૂના મહારાષ્ટ્ર મુકામે થયેલા સંતાનમાં એક દીકરો કે જે આ એસ.એસ.સી.માં અભ્યાસ કરે છે અને એક દીકરી કે જે ધોરણ છ માં અભ્યાસ કરે છે આ ત્રણેયમાં દીકરા દીકરીને પૂના સ્થિત સાસરીયાઓએ ત્યાંથી પહેરે કપડે ઘરમાંથી કાઢી મૂકી ત્યારે આ દીકરી સાવરકુંડલાતો માંડ માંડ પહોંચી પોતાના એકના એક ભાઈને ત્યાં થોડો સમય આશરો મળ્યો પણ થોડા સમયમાં ભાઈનું ઘર પણ છોડવું પડયું. પોતાનાં પિતાની હયાતી નથી અને ઉંમરના છેલ્લે ઉંબરે ઊભેલી માતાને લઈને પોતાની આપવીતી રૂબરૂ જઈને પોતે જે શાળામાં બાલમંદિરથી ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો હતો.તેના મેનેજિંગ ટ્રસ્ટી બાપુ સર એટલે કે પ્રતાપભાઈ ખુમાણને રૂબરૂ વર્ણવી પરિસ્થિતિ પારખીને આ અભ્યાસમાં તેજસ્વી દીકરીને પોતાની શૈક્ષણિક સંસ્થા સનરાઈઝ સ્કૂલમાં બાલમંદિર વિભાગમાં નોકરી આપી બંને બાળકો દીકરો અને દીકરીને શાળામાં તદ્દન નિઃશુલ્ક એક પણ રૂપિયો ફી લીધા વગર એડમિશન પણ આપી દીધા.આવો જ બીજો કિસ્સો પણ સામે આવ્યો છે.મૂળ વડોદરાનાં જંબુસર ગામે પીયર અને ખાંભા ગામે સાસરે રહેતી આ લોહાણા સમાજની દીકરીને ખાંભામાં કરિયાણાની દુકાન ચલાવતા પતિએ બે દીકરા સાથે તરછોડી દીધી. પોતાનો પતિ સાવરકુંડલા જેસર રોડ ઉપર ભાડે મકાન રાખી રહેતો અને ખાંભા અપડાઉન કરતો. એક દિવસ ખાંભા થી છેલ્લો ફોન આવ્યો કે આજથી તમે બધા અને હું એકબીજાથી છુટા હવે હું આવવાનો નથી તારે બંને





છોકરાઓને લઈને જયાં જવું હોય ત્યાં છૂટ. આ બેન ઉપર તો જાણે આભ ફાટયું. કયારેય ઘરની બહારની દુનિયા જેણે જોઈ નહોતી તેની માથે બે સંતાનોના ભવિષ્યની જવાબદારી આવી પડી. માં અને બે દીકરાએ થોડાક દિવસ તો ખૂણામાં રડી રડીને પસાર કર્યા ત્યારબાદ પડોશમાં રહેતા એક માજીએ આ બેનને સાથે લઈ સનરાઈઝ સ્કુલમાં પ્રતાપભાઈ ખુમાણને રૂબરૂ મળી આ કરૂણ ઘટના વર્ણવી બંને બાળકો જેસર રોડ ખાનગી શાળામાં અભ્યાસ કરતા હતા. મકાન ભાડાનું હતું,એક બાજુ બંને બાળકોની ભરણ પોષણ,મકાન ભાડું,શાળાની ફી આ બધી સમસ્યા બેનને રાત્રે સુવા દેતી ન હતી. ઘણીવાર બાળકો સાથે લઈ જીવન ટૂંકાવવાના પણ ઘણીવાર નબળા વિચારો પણ આવી ગયા.આ તમામ હકીકત જયારે પ્રતાપભાઈએ જાણી ને ત્યારે ને ત્યારે પોતાની સંસ્થામાં પટાવાળા તરીકે આ લોહાણા સમાજની દીકરીને નોકરી આપી દીધી.બંને દીકરાઓને એક પણ રૂપિયો ફી લીધા વગર પોતાની સંસ્થામાં એડમિશન પણ આપી દીધું. હવે એકવાત સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ખુમાણને સતત મનમાં ઘુમ્યા કરતી હતી કે આ બંને બહેનોને સામાન્ય આવકમાં ભાડાનું મકાન પોસાઈ શકે નહીં.આ વિચારથી પ્રતાપભાઈ ખુમાણે શિવાજી નગરમાં પોતાના રહેણાંકના બંગલા સામે જ પોતાની માલિકીના ખુલ્લા પ્લોટ પર આ બંને બહેનો માટે એક રૂમ અને એક રસોડું એમ બંનેને સ્વતંત્ર રહેવાના મકાન તાત્કાલિક બનાવી આપ્યા અને દશેરાના પવિત્ર દિવસે શાંતિ હવન યોજી બંને બહેનોના હાથે પૂજાપાઠ કરાવી અને આ બનેલા નવા મકાનની ચાવી સોંપી દીધી હતી આ બહેનો જીવન પર્યંત જયાં સુધી ઈચ્છે ત્યાં સુધી આ મકાનને પોતાની માલિકીના ગણી આખી જિંદગી વગર ભાડે રહી શકશે એવું આશ્વાસન સૂર્યોદય કેળવણી મંડળ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ક્ષત્રિય આગેવાન પ્રતાપભાઈ ખુમાણ દ્વારા આપવામાં આવેલ છે. દરેક પીડિત પરિવારોએ આ ઘટનાં ઉપરથી એક બોધપાઠએ લેવાનો છે કે, ઈર એક દરવાજો બંધ કરી દે છે પરંતુ બીજી બાજુ અનેક દરવાજા ખોલી જ નાંખેલા હોય છે, માટે વિકટ પરિસ્થિતિમાં નાસીપાસ થવાને બદલે, કોઈ સમક્ષ સમસ્યા વર્ણવો તેનો ઉકેલ હોય જ.

### શિક્ષિત યુવાનોની હાલત અત્યંત દયનીય

# અમરેલી : ઇ-ગ્રામ સોસાયટીએ VCEને દિવાળી બોનસ આપ્યું ? અધધ... ૩ રૂપિયાની રકમ જમા કરી

## વચેટીયાઓના કારણે યુવાનોને આર્થિક નુકસાન

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાના VCE ના ખાતામાં ઈગ્રામ સોસાયટી દ્વારા ૩ રૂપિયાની જેવી રકમ જમાં કરતા VCE યુનિયન અચરજ પામી ગયું કે આટલી રકમ જમા કેમ કરવામાં આવી ?

બનાવ એવો છે કે હાલ ઈગ્રામ સોસાયટી દ્વારા VCE ના ખાતામાં તેમના અગાઉનું કમિશન આપવામાં આવી રહ્યું છે. ત્યારે મોલડી ગામના VCE ના ખાતામાં ફકત ૩ રૂપિયા જેવી મામૂલી રકમ જમા થતા આશ્રયનું મોજું ફરી વળ્યું છે, કે શું –ઈગ્રામ સોસાયટી દ્વારા આટલી નાની રકમ જમા કરવામાં આવતી હશે ?

VCE પગાર ધોરણ ચાલુ કરવા માટે ઘણા આવેદન પત્રો આપ્યા અને હડતાલો કરી પરંતુ ઈગ્રામ સોસાયટી દ્વારા VCE ની મજાક કરવામાં આવી રહી છે. સરકારમાંથી પેકજ મોટુ આવતું હોઈ છે તો આ વચેટિયા (સોસાયટી) ખાય જાય છે એવુ સાબિત થાય ખરૂ ? આવા સવાલો ઉદ્ભવે છે. જો આમની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો ઈ-ગ્રામ સોસાયટીના નામે થતા મોટા ભ્રષ્ટાચારનો ભેદ ખૂલે ખરો.

# સા.કુંડલા : માનવ મંદિર સંતશ્રી ભકિતરામ બાપુએ રૂબરૂ મુલાકાત લઈ પ્રતાપભાઈ ખુમાણને સન્માનિત કર્યા

સાવરકુંડલા, તા. ૨૫

માનવ મંદિર એટલે પ્રભુનાં બાળકોનું પિયર અને સેવા સમર્પિત પ્રેમાળ બાપ એટલે ભકિતરામ બાપુ. આજે પ્રેમાળ સલામતીના કવચમાં ૬૦ મનોરોગી બહેનો આનંદ કિલ્લોલ કરી રહી છે.

આજે દયાની કરૂણામૂર્તિ શ્રી ભકિતરામ બાપુએ સાવરકુંડલાનાં કાઠી દરબાર, અમરેલી જીલ્લા વરિષ્ઠ પત્રકાર અને સનરાઈઝ સ્કુલનાં મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણની રૂબરૂ મુલાકાત લીધી હતી. અને તેમની પત્રકારત્વ ક્ષેત્રે નીડર નિષ્પક્ષ કામગીરી ઉપરાંત સમાજનાં છેવાડાના માણસની સમસ્યાઓને ઉકેલવા તન, મન અને આર્થિક મદદ પણ કરતા



રહેવાની ભાવના બદલ શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા અને પીઠ થાબડીને પોતે આ પ્રકારની કામગીરીમાં જરૂર પડે ત્યારે ખભે ખભા મિલાવી સાથ નિભાવવાની ખાતરી ઉચ્ચારી હતી.

આજે આ મુલાકાત દરમિયાન અમરેલી જિલ્લા સંદેશ ટીવી ન્યુઝ ચેનલ ના બ્યુરો ચીફ સૂર્યકાંત ચૌહાણ (માલિક) પણ સાથે હાજર રહ્યા હતા.

### ન્યુઝ ફોર ઇન્ડિયા ગૃપમાં

# અમરેલીનાં પત્રકાર ભાવેશ વાઘેલાની બ્યૂરો ચીફ તરીકે વરણી

## મિત્રો, શુભેચ્છકોએ શુભકામના પાઠવી

અમરેલી, તા. ૨૫

અમરેલીના પત્રકાર ભાવેશ વાઘેલાને ન્યૂઝ ફોર ઈન્ડિયા સમાચાર પત્રમાં અમરેલી જિલ્લાના પત્રકાર તથા જિલ્લા બ્યૂરો ચીફ તરીકેની નિમણુંક કરવામાં આવેલ હતી. તેની પત્રકાર ક્ષેત્રમાં સારી કામગીરી જોઈ અમરેલી જિલ્લાના બ્યૂરો ચીફ તરીકેની પણ વરણી કરવામાં આવી છે.



# સા.કુંડલાનાં પત્રકાર દિલીપ જીરૂકાનો આજે જન્મદિવસ

સાવરકુંડલા, તા.૨૫

અમરેલી જિલ્લામાં ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડિયામાં પત્રકારત્વ ક્ષેત્રે હરણફાળ ભરીને અંગ્રેજી અખબારમાં પ્રતિનિધિત્વ કરતા નિખાલસ સ્વભાવના દિલીપ જીરૂકાનો આજે જન્મદિવસ છે અમરેલી જિલ્લાના અખબારથી પત્રકારત્વની કામગીરી શરૂ કરનારા દિલીપ જીરૂકા દેશનું ગૌરવ સમાન ટાઈમ્સ આફ ઈન્ડિયામાં અમરેલી જિલ્લાનું પત્રકારત્વ કરી રહ્યા છે સાથે વી ટીવી ના અમરેલી જિલ્લાના રિપોર્ટર દિલીપ જીરૂકા અન્ય વેબ પોર્ટલ સહિતની કામગીરીઓ કરી રહ્યા છે દરિયામાં વાવાઝોડુંની આફત હોય કે પછી પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપવાનું કામ હોય પણ હંમેશા ફિલ્ડ વર્ક પર કામગીરીઓ કરીને સત્યતાને ચકાસીને પત્રકારત્વ કરતા દિલીપ જીરૂકાના દાદા નુરૂદ્દીભાઈ જીરૂકા



સ્વ.લલ્લુભાઈ શેઠના ખાદી કાર્યાલયમાં સેવાઓ બજાવી હતી જયારે પિતા નૂતન કેળવણી મંડળ સંચાલીત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સેવાઓ બજાવી હતી ને હાલ નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે ત્યારે દાદાના નકશે કદમ પર હમેશાં ગાંધી વિચારોને આધીન પત્રકારત્વ કરતા દિલીપ જીરૂકાને આજના જન્મદિવસના અવસર પર ૯૪૨૭૨૭૮૬૧૮ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### અરજદારો નાં રોજબરોજના કાર્યોમાં થઈ રહયો છે વિક્ષેપ

# વડિયાની મામલતદાર કચેરીમાં એક અધિકારીની કાર્યશૈલીથી જનતા ત્રાહિમામ

## ભાજપ, કૌંગ્રેસના રાજકીય આગેવાનોનું પણ ઉપજતું નથી

અમરેલી, તા. ૨૫

કેન્દ્ર અને રાજય સરકાર કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા તાનાશાહી, ઈજારાશાહી અને ભ્રષ્ટાચાર ને રોકવા માટે દર ત્રણ વર્ષે સરકારી કર્મચારીઓની બદલી થતી હોય છે. તંત્ર અને રાજકારણ સાથે સાંઠગાંઠ ધરાવતા અધિકારી ઘણી ઓફિસો માં એક જ જગ્યાએ નોકરી કરી તાનાશાહી વહીવટ અને સમગ્ર ઓફિસ માં પોતાનો અડિંગો જમાવતા જોવા મળતા હોય છે. વડિયા ની મામલતદાર કચેરી ખાતે અહીં છેલ્લા ઘણા વર્ષો થી એક જ અધિકારી ની ફરિયાદો સ્થાનિક નેતાઓ દ્વારા અનેક વાર કરવામાં આવી છે પરંતુ આ અધિકારીની બદલી ના ઓડર થઈ ગયા બાદ પણ રોકાઈ જાય છે અને તેની જગ્યાએ બીજા અધિકારી નુ નામ ફિટ થઈ જાય છે ભૂતકાળ માં રાજકીય સક્ષમ માણસો સામે તકલીફ થતા તેની બદલી તો થઈ પણખુબ જ ટૂંકાગાળા માં જ ફરી વડિયા મામલતદાર ઓફીસ માં ફરી રાજકીય વગ કરી રિટર્ન મારે છે. માટે વડિયા ના સ્થાનિક નેતાઓ ના મુખેથી સરકાર ના કોઈ નિયમો આ અધિકારીને લાગુ પડતા ના હોય અને તમામ મલાઈ દાર ખાતાઓ તેમની પાસે જ કાયમી રાખવામાં આવતા હોય તેવુ અનેકવાર સાંભળવા મળ્યું છે.અને મલાઈ દાર મહેસુલ અને પુરવઠા ની જવાબદારી પણ તેમની પાસે હોય ખેતીના દસ્તાવેજ ની એન્ટ્રી, અન્ય કોઈ જમીન રેકર્ડ બાબત ના સુધારાઓ,રેશનકાર્ડ માં સુધારાઓ, વિધવા સહાય અને વૃદ્ધ સહાય ની મંજૂરી જેવા કામ માટે આ અધિકારી ના નૈવેદ્ય સિવાય આખી ઓફિસ માં એક પાંદડું પણ હલી શકતું નથી.અને ઈમાનદાર લોકો રોજ ધક્કા ખાઈ ત્રાસ અનુભવતા જોવા મળી રહ્યા છે ત્યારે હાલ સમગ્ર તાલુકા ની આ પેધી ગયેલા અધિકારી ના મામલતદાર ના ચાર્જ થી ત્રાસી ચુકી છે ત્યારે આવા અધિકારીઓ પાસેથી ચાર્જ લઈ કોઈ સક્ષમ સારા અધિકારી ની નિમણૂક કરવી જોઈએ અને આવા અધિકારીઓને સજાના કેન્દ્ર માં બદલી કરી પોતાની તાનાશાહી નુ ભાન કરાવવું જોઈએ તેવી સ્થાનિક આગેવાનો અને લોકોની લોક માંગણી જોવા મળી રહી છે.એક જાગૃત વ્યક્તિની ફરિયાદ થી મીડિયા માં પ્રસિદ્ધ થયેલા આ અહેવાલની કોઈ ગંભીર નોંધ સરકારમાં બેઠેલા રાજકીય નેતાઓ અને જિલ્લા ના કલેક્ટર લે છે કે પછી સબ સલામત નુ ગાણું ત્યાંથી પણ સાંભળવા મળ શે તેતો આવનારો સમય જ બતાવશે.

''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### યુવા નેતા મનિષ સંઘાણી સહિતનાં આયોજકોનો

# અમરેલી ખાતે લાઈફ લાઈન ફાઉન્ડેશન દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો

## નવરાત્રિ મહોત્સવ સુંદર રીતે યોજવા બદલ સન્માન

અમરેલી, તા.૨૫

સુખનાથ મંદિર ચોક યુવક મંડળ અને સરદાર પટેલ ગ્રૂપ દ્વારા ગુજરાત પ્રદેશ ભારતીય જનતાના યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી તેમજ ડેની રામાણી અને ચંદુ રામાણીના માર્ગદર્શન હેઠળ નવરાત્રી મહોત્સવનું અમરેલીના તુલસી પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવેલ હતું.

જેમાં ખેલૈયાઓના આરોગ્ય અને સેફટી બાબતે ખાસ ધ્યાન રાખવામાં આવેલ તેમજ ખેલૈયાઓને રોજે રોજ બમ્પર ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આવા માતાજીના નવલા નોરતાનું સુંદર મજાનું આયોજન કરવા બદલ લાઈફ લાઈન ફાઉન્ડેશનના જય મસરાણી, ડો.જીતેન્દ્ર પટેલ, હરેશ દેસાઈ, ભવદીપ સરધારા, ભાર્ગવ ત્રિવેદી ત્રિવેદી, વિશાલ પંડયા અને લાઈફ લાઈન ફાઉન્ડેશનના સદસ્યો





દ્વારા યુવા નેતા મનીષ સંઘાણી, ડેની રામાણી, ચંદુ રામાણી અને તમામ ટીમનું મોમેંટો આપી. આવા સુંદર મજાના આયોજન કરવા બદલ આભાર વ્યક્ત કરી સ્વાગત સહ સન્માન કરવામાં આવ્યું હતું.

### શ્રી પુષ્ટીમાર્ગીય દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ દ્વારા


# અમરેલી ખાતે પૂ.પા.ગૌ. ૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (રાજુબાવા)નાં પ્રાગટયોત્સવની ઉજવણી થશે

## વૈષ્ણવજનો દ્વારા રકતતુલાનો કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૨૫

અમરેલી ખાતે શ્રી પુષ્ટીમાર્ગીય દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ દ્વારા પૂ.પા.ગો. ૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (રાજુબાવા)નાં ૪૭માં જન્મ દિવસ આગામી તા. ૧૯/૧૧નાં રોજ ધામધુમથી ઉજવવાનાં મનોરથ હોય. આ શુભ પ્રસંગે પૂ. રાજુબાવાશ્રીની રકતતુલા કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યક્રમ પૂ. શ્રી



અનુગ્રહકુમારજીનાં માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ હોય. રકતદાન કરવા ઈચ્છુક સમસ્ત ભાવિકો તા. ૫/૧૧ રવિવારનાં રોજ સવારે શ્રી દ્વારકાધીશજી હવેલી સત્સંગ હોલમાં રકતદાન કરવા અનરોધ કરાયો છે.

આ સેવકાર્યમાં અમરેલી ઉપરાંત ધારી, સાવરકુંડલા, હુડલી, ચલાલા વિગેરે ગામનાં ભાવિકો પણ જોડાશે અને આ સંકલ્પપૂર્ણ કરવામાં સહયોગી થનાર છે. આ અંગે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવેલ.

### પ્રથમ વખત દક્ષિણ કોરિયાનાં પ્રવાસે જશે

# અમરેલી : ધરાઈ હવેલી પરિવારનાં મુખ્યાજી દ્વારકેશભાઈનાં ક્રિષ્ના ઈવેન્ટે જમાવટ કરી

## જુદી-જુદી સંસ્થાઓ દ્વારા આમંત્રણ આપવામાં આવે છે

અમરેલી, તા.૨૫

ધરાઈ બાલમુકુંદ જુના મુખ્યાજી દ્વારકેશભાઈ સંચાલીત ક્રિષ્ના ઈવેન્ટ દેશ વિદેશમાં ધુમ મચાવે છે. તાજેતરમાંા નવલા નોરતામાં જુનાગઢ ખોડલધામ ટ્રસ્ટ દ્વારા યોગ્ય સન્માન કરી નવાજવામાં આવ્યાં અને જુનાગઢ સમગ્ર સિંધી સમાજ આયોજીત સિંધુત્સવ-૨૦૨૩ ના કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લા પોલીસ પરિવારનું શ્રી ક્રિષ્ના ઈવેન્ટ દ્વારા સફળ ગરબાનું આયોજન બદલ જુનાગઢ એસ.પી. હર્ષદ મહેતા દ્વારા બહુમાન કરવામાં આવ્યું મોમેન્ટ અર્પણ કરેલ છે. જે ખુબજ ગર્વની વાત છે. આ ઉપરાંત દ્વારકેશભાઈ મુખ્યાજી સંચાલિત ક્રિષ્ના ઈવેન્ટ ગુજરાત રાજયનાં ઈતીહાસમાં સૌ પ્રથમ વખત સાઉથ કોરીયા ખાતે શરદ પૂર્ણીમાનાં સમોત્સવનું સુંદર આયોજન કરવા જઈ રહયા છે. આજ દિન સુધી સાઉથ કોરીયા ખાતે ગુજરાતનાં કોઈપણ કલામાં દ્વારા થતું આ સૌપ્રથમ આયોજન છે. સાઉથ કોરીયામાં વસતા ગુજરાતીઓએ આ માટો તડીમાર તૈયારીઓ આરંભી દીધી છે. અને આ કલાન્દોનાં સ્વાગત માટે ઉત્સુક છે. આ કાર્યક્રમ તા.૨૬/૧૦/૨૦૨૩ થી તા.૭/૧૧/૨૩ સુધી યોજાશે. આ તકે ક્રિષ્ના ઈવેન્ટ દ્વારકેશભાઈ મુખ્યાજીને સાઉથ કોરીયામાં સૌ પ્રથમ વખત ગરબાનું આયોજન કરવા બદલ ગુજરાતના સી.એમ. ભુપેન્દ્રભાઈ પટેલ પત્ર દ્વારા અભિનંદન પાઠવેલ છે. ાાાાજે સરકારે પણ ક્રિષ્ના ઈવેન્ટનાં આ કાર્યની નોંધ લીધી તે ગર્વની બાબત છે. દ્વારકેશભાઈ જોશી ક્રિષ્ના ઈવેન્ટનું સફળ સંચાલન કરી રહયા છે. સમસ્ત ધરાઈ હવેલી પરિવારનું ગૌરવ વર્તાવેલ છે.

### પ્રધાન મંત્રી જન આરોગ્ય, આવસ, ઉજ્જવલા સહિતની

# સરકારી યોજનાઓ જેવા વિષયો પર ભવાઈ અને નૃત્ય નાટિકાની પટકથા કરવાની તક

## પટકથા તૈયાર કરી જિલ્લા માહિતી કચેરીને મોકલી આપો

અમરેલી તા.૨૫

રાજયમાં ભવાઈ, નૃત્યનાટિકા, કથા કીર્તન, ડાયરાઓ, કઠપુતળીના વેશો સહિતના પરંપરાગત અને લોક માધ્યમોની સમૃદ્ધ પરંપરા રહી છે.ત્યારે વર્તમાન સમયમાં આ માધ્યમના કલાકારોની કલા વિસરાઈ ન જાય અને તેનું અસ્તિત્વ ટકી રહે તેવા ઉત્તમ આશયથી આગામી સમયમાં સરકારના માધ્યથી આ દિશામાં પ્રયાસો કરવામાં આવનાર છે. આગામી સમયમાં ખાસ કરીને ભવાઈ અને નૃત્ય નાટિકાના માધ્યમથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ, ઉજ્જવલા યોજના, પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ યોજના જેવા વિષયોને આવરી લઈને આ કલાનું મંચન છેવાડાના લોકો સુધી પહોંચાડવા અમરેલી જિલ્લાના ભવાઈ અને નૃત્ય નાટિકા સાથે સંકળાયેલા કલાકારો અને કલાજૂથો આ વિષયો પર પટકથા તૈયાર કરી અને જિલ્લા માહિતીને પહોંચાડવા અનુરોધ કરવામાં આવે છે.

કલાજૂથોએ ૨૫,૩૦ થી મિનિટના સમયગાળાની ભવાઈ અને નૃત્ય નાટિકાની પટકથા તૈયાર કરી જિલ્લા માહિતી કચેરીને પહોંચાડવાની રહેશે.પસંદ થનાર શ્રેષ્ઠ પટકથાને આ વિષયો પર મંચન કરવાની તક મળી શકે છે.

કલાકારો અને કલાજૂથોએ આ વિષયોને લગતી પટકથા (SCRIPT) જિલ્લા માહિતી કચેરી અમરેલી, રાજમહેલ કમ્પાઉન્ડ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી ખાતે દિન-૭માં પહોંચાડવી. પટકથા રૂબરૂ અથવા ટપાલથી પહોંચતી કરતી વખતે વિષયનું આલેખન ખાસ પ્રયાને લેવું.

# અમરેલી ખાતે આંતરરાષ્ટ્રિ હિન્દુ પરિષદ દ્વારા કન્યા પૂજન કાર્યક્રમ યોજાયો



અમરેલી ખાતે શ્રી રામ નવરાત્રી મહોત્સવ નિમિત્તે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગ દળ અને મહિલા ઓજસ્વી ગ્રુપ તેમજ નાગદેવતા મંદિર રાજમહેલમાં એક ભવ્ય કન્યા પૂજનનો કાર્યક્રમ કરવામાં આવેલો. આ કાર્યક્રમની અંદર નાગદેવતા મંદિર મહંત શ્રી હાર્દિકબાપુ અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા, પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર, જિલ્લા અધ્યક્ષ ડોકટર દેસાણી, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, ઈન્ડિયા હેલ્પ લાઈન જિલ્લા અધ્યક્ષ ડોકટર ગોંડલીયા તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા, કાર્યકારી અધ્યક્ષ મજબૂતભાઈ બસીયા, મહેશભાઈ લાડવા, જીગ્નેશભાઈ કયાડા, સિદ્ધાર્થભાઈ ગજેરા, જયેશભાઈ પરમાર, મહેશભાઈ ચોટલીયા, બાલમુકુંદ વાઢેર, ગોપાલ ચોટલીયા, વિપુલભાઈ ગજેરા, સંજયભાઈ પોપટ, મિલનભાઈ સોની, જીતભાઈ કાબરીયા તેમજ ઘણા બધા કાર્યકરો અને ભકતજનો તેમજ મહિલા અધ્યક્ષ ડિમ્પલબેન પોપટ, હેતલબેન જોશી, રીટાબેન રાઠોડ અને ઘણા બધા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એક થી દસ વરસની બાળાઓ સાક્ષાત માતાજીના સ્વરૂપે તૈયાર થઈને આવેલી અને આ દરેક બાળાઓનું પૂજન કરી અને ભેટ સોગાદ આપવામાં આવેલી હતી. ડોકટર ગજેરા દ્વારા હિન્દુ સંગઠન અને હિન્દુ ધર્મના ઉત્સવો ઉજવવા બાબત ચર્ચા કરેલી અને સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ દ્વારા આગામી કાર્યકર્મો વિશે માહિતી આપવામાં આવેલી. આ કાર્યક્રમમાં ભોલે સંખ્યામાં હિન્દુ ભાઈઓ–બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને ત્યારબાદ બધા સાથે મળીને ભોજન પ્રસાદનો પણ આયોજન કરવામાં આવેલું. આ કાર્યક્રમનું સંચાલન નાગદેવતા મંદિર મહંત હાર્દિકબાપુ દ્વારા કરવામાં આવેલું. તેમ જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકીએ જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ભાજપનાં શાસનમાં ૧૩ જેટલા પુલ

ફ્રોડ' છે એનો જવાબ પ્રધાનમંત્રી ગુજરાતની જનતાને આપશે તો હુ માનુ છું કે જનતાએ એમને જે વિસ સાથે દિલ્હી મોકલ્યા છે એ વિસ પણ આવનારા દિવસોમાં ચાલુ રહેશે.

ગુજરાતમાં બ્રીજ ઉદ્‌ઘાટન થતા પહેલા ધરાશાયી થઈ જાય એની પાછળનું એક જ કારણ છે કે આજે ગુજરાતમાં તમારે રોડનો કોન્ટ્રાકટ લેવો હોય, બ્રિજનો કોન્ટ્રાકટ લેવો હોય કે કોઈપણ કોન્ટ્રાકટ લેવો હોય જયાં સુધી કોન્ટ્રાકટર કમીશન કમલમમાં ના મોકલે ત્યાં સુધી એને કોન્ટ્રાકટ મળતો નથી. આ કમીશન અને કમલમના ચક્કરમાં આજે ગુજરાતની જનતા પીસાઈ રહી છે. જે ઘટના બની છે એની પાછળ પણ કમીશન અને કમલમનું જે જોડાણ છે એ જ જવાબદાર હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે. કારણ કે જે કંપનીઓ બ્લેક લીસ્ટેડ હોય એની એવા નિયમો રહ્યા છે કે એને ફરી એવા કોઈ કામ ન આપવા જોઈએ. તો એની પાછળ કોના આશીર્વાદ છે, એની પાછળ એવું તો શું કારણ છે કે બ્લેક લીસ્ટેડ થયલી કંપનીઓને ફરી પાછા કોન્ટ્રાકટ આપવામાં આવે છે.

પાલનપુર બ્રિજના કોન્ટ્રાકટર જી.પી.સી. ઈન્ફ્રાસ્ટ્રકચર, એ જ કંપની છે જે કે જેમને ૨૦૧૬–૧૭ માં અમદાવાદમાં કરોડો રૂપિયાના રોડ બનાવ્યા અને એ રોડ ધોવાઈ ગયા ચારે તરફથી લોકોનો ખુબ આક્રોશ જોવા મળ્યો, હાઈકોર્ટે દરમિયાનગીરી કરવી પડી અને તપાસ કરવામાં આવી તો લગભગ ૩૦૦ કરોડ જેટલી માતબાર રકમના ખોટા બીલોનું કૌભાંડ એમાંથી બહાર આવ્યું. ખોટા બીલના કૌભાંડ કરવાવાળી આ કંપની કોના આશીર્વાદથી કામ મેળવે છે. આ કંપનીના માલિકો દ્વારા કમલમમાં ૨૦૧૯ માં એક કરોડ કરતા વધારે રૂપિયાનું ચૂંટણી ફંડ આપે છે અને એટલે તેમના તમામ કાળા કરતૂતો ધોવાઈ જાય છે. બ્રીજ તુટયો, બે લોકોના મોત થયા આપણે બધાએ એના દ્રશ્યો જોયા આપણને જોઈને દુઃખ થાય કે એક એવી સ્થિતિનું નિર્માણ થાય કે ગુજરાતમાં સામાન્ય માણસ સલામત છે કે કેમ ? આટલી કરૂઢણ અને દુઃખદ ઘટના બની તેમ છતાં જયારે એના પરિવારજનો એફ.આઈ.આર. નોંધવાની માંગ કરતા હોય તો પોલીસ એફ.આઈ.આર. નોંધતી નથી કારણ કે આ તો મોટા કોન્ટ્રાકટરો છે, સરકારમાં સીધા જોડાયેલા છે, સરકાર અને ભાજપને કરોડોના ફંડ આપનારા લોકો છે એટલે એફ.આઈ.આર. ના થાય. જયારે લોકો રસ્તા પર ઉતરે, ધરણા કરે, રસ્તા રોકે ત્યારે એફ.આઈ.આર. કરવામાં આવે સરકાર કોઈ તાત્કાલિક પગલા લેવાને બદલે ખાલી તપાસના નાટકોની જાહેરાત કરે છે. અત્યાર સુધી કેટલી તપાસો સોંપી, કેટલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી, આટલા બધા બ્રીજ તૂટયા કયા અધિકારીને જેલમાં પુરવામાં આવ્યા ? કયા સચિવ સામે કાર્યવાહી કરવામાં આવી ? કયા મંત્રી સામે કાર્યવાહી કરવામાં આવી ? તો એનો જવાબ પણ સરકારે આપવો પડશે કારણ કે આ પ્રજાના ટેક્ષના પરસેવાના પૈસાથી આ ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો થાય છે. એમાં ગેરરીતી થાય તો એમાં જે જે જવાબદાર લોકો હોય, પછી એ અધિકારી હોય, સચિવ હોય, કોઈ મંત્રી હોય, કોન્ટ્રાકટર હોય કે કોઈપણ હોય કોઈની પણ શેહ–શરમ રાખ્યા સિવાય એની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે એવી માંગણી કરીએ છીએ. આ જે પાલનપુરમાં દુઃખદ બનાવ બન્યો છે એની પણ તપાસ થાય જવાબદારો સામે એની સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને સાથસાથે જે મૃતક છે, ગરીબ અને દલિત પરિવારના લોકો છે એમને આર્થિક રીતે મદદ મળે તેવી માંગણી કરીએ છીએ. ગુજરાતમાં સેંકડોની સંખ્યામાં બ્રીજ છે, નાના પુલ છે, ઈન્ફ્રાસ્ટ્રકચર એમાં કયા બ્રીજ પર જવાનું સલામત છે કયા બ્રીજ પર જવું સલામત નથી એની માહિતી ગુજરાતની જનતાને હોવી જોઈએ એટલા માટે આ તમામ બ્રીજોનું સેફટી ઈન્સ્પેકશન થવું જોઈએ, ફિટનેસ સર્ટીફીકેટો પબ્લિક ડોમેન્ટ પર ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી તમામગુજરાતીઓને ખબર પડે કે આ બ્રીજ પર જવામાં કોઈ નુકસાન કે અસલામતી નથી આ બ્રીજ અમારા પરિવાર માટે સલામત છે એવું ઓનલાઈન જોઈ શકે. ભૂતકાળમાં કોંગ્રેસના સમયમાં અનેક ઈન્ફ્રાસ્ટ્રકચર બન્યા છે, નહેરો બની તો ૨૦૦૫ પહેલાની નહેરો નથી તુટતી ૨૦૦૫ પછીની જ નહેરો તૂટે છે વર્ષો જુના બ્રીજ છે એ નથી તૂટતા અને અત્યારે ભાજપના શાસનમાં તો નિર્માણાધીન છે, ઉદ્‌ઘાટન પણ નથી થયું એવા બ્રીજો તૂટે રાજય છે એનો સ્પષ્ટ મતલબ છે કે આ કોન્ટ્રાકટ, કમીશન અને કમલમને કારણે અ બ્રીજ તૂટી રહ્યા છે લોકો મરી રહ્યા છે. લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે તો તાત્કાલિક તપાસ કરીને જવાબદારો સામે પગલા લેવામાં આવે અને ગુજરાતના તમામ બ્રિજને ચકાસણી કરી ફિટનેસ સર્ટીફીકેટ ઓનલાઈન મુકવામાં આવે એવી માંગણી કરીએ છીએ.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં મનોદિવ્યાંગ બાળકોનાં

દીકરીઓની દાતાઓ મુલાકાત કરી રહ્યા છે, યોગ્ય દાનભેટ આપી રહ્યા છે.

આ સંસ્થાના પ્રમુખ દિલપભાઈ પરીખે આ દીકરીઓ માટે સેવાનો ભેખ ધારણ કર્યો છે.

આ સંસ્થામાં રહેતા ૯૨ વર્ષની જન્મ દિવસની ખુશાલીમાં ભગીરથીબેન એ. સોલંકી દ્વારા સંસ્થાને રૂપિયા એક લાખનું અનુદાન કરેલ. તે પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા તેમજ જીએ ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી દ્વારા દાતાનું સન્માન કરવામાં આવેલ અને સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## નાની વડાળ ગામની સીમમાં

રાખીને ઉપજ લેતા હોય છે ત્યારે પોતાના પાળેલા દુધાળા પશુઓ માટે આ પાલો એના આખા વર્ષની જરૂરિયાત પૂરી કરતો હોય છે, ત્યારે કોઈ અસામાજિક, અદેખા ઈર્ષાળુ દ્વારા આ અધમ કૃત્ય કરવામાં આવ્યું છે ત્યારે પોલીસ વિભાગ આ મામલે ગંભીરતા પૂર્વક તપાસ કરી ગુન્હેગારોને જેલનાં સળીયા પાછળ ધકેલી દેવા જોઈએ જેથી આવા તત્વોમાં ડર પેદા થાય. તા. ૨૪/૧૦/૨૦૨૩ અને મંગળ વારના રોજ ગરાસિયા રાજપૂત ક્ષત્રિય સમાજ – સાવરકુંડલા દ્વારા દશેરા નિમિત્તે પારંપરિક પ્રથા મુજબ શસ્ત્ર પૂજનનું આયોજન કરેલ. જેમાં સાવરકુંડલા ગરાસિયા ક્ષત્રિય સમાજના આગેવાનો મહાકાળી ચોક,હથસણી રોડ પાસે આવેલ હનુમાન મંદિર ખાતે માં ભગવતીની અને શક્તિના પ્રતિક સ્વરૂપ હથિયારોની પૂજા કરેલ. તેમજ માં ભગવતીના ચરણોમા વિશ્વમાં શાંતિ સ્થાપિત થાય તેવી પ્રાર્થના કરેલ. ગરાસિયા રાજપૂત ક્ષત્રિય સમાજ–સાવરકુંડલા દ્વાર આ સનાતની સંસ્કૃતિની પરંપરાની ઉજવણી ખૂબ ઉત્સાહ પૂર્વક કરેલ.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી પંથકમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા

ગુનિયા તથા ડેન્ગ્યુ જેવા રોગનાં કારણે સરકાર તથા ખાનગી દવાખાનાઓ ઉભરાય રહ્યા છે. ત્યારે આ રોગ સામે સાવચેતી રાખવા ફોગીંગ મશીન તથા પોરાનાશક તાત્કાલીક કરવા માટે પણ લોકોમાં માંગ ઉભી થવા પામી છે.

આ અંગે ડો. ચંદ્રેશ ખૂંટ તથા ડો. જી.જે. ગજેરાએ જણાવ્યું હતું કે, આ બન્ને રોગથી માનવીને ભારે પીડા સહન કરવાનો વખત આવે છે. ત્યારે આવા મચ્છરજન્ય રોગ સામે આરોગ્ય વિભાગ જરૂરી પગલા ભરે તે જરૂરી છે. પરંતુ સાથ સાથ લોકો પણ પોતાના ઘર પાસે ચોખ્ખાઈ રાખે, મચ્છર ઉત્પન્ન ન થાય તે માટે પણ જરૂરી તકેદારી રાખે તે જરૂરી છે. ત્યારે અમરેલી શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં રોગચાળાથી લોકો ભયભીત થવા પામ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરાનાં ધરાઈ ગામની આંગણવાડીમાંથી

આશરે ૧૭ જેની કીમત રૂપિયા ૨૫૫૦ તેમજ ચણાના પાઉચ આશરે ૩૪ જેની કીમત રૂપિયા ૧૭૦૦ તેમજ તુવેર દાળ ના પેકેટ આશરે ૧૨ કીમત રૂપિયા ૮૪૦ મળી કુલ આશરે કીમત રૂપિયા–૧૦,૨૯૦ તેમજ આંગડવાડીની બાજુમાં રહેતા તરૂણભાઈ જોષીના ઘરેથી ફળીયામાંથી પાણીની ઈલેકટ્રીકટ મોટર કીમત રૂપિયા ૪૦૦૦ તેમજ બાજુમાં ભાગવી રાખેલ રેવાભાઈ ભરવાડની વાડી ખેતરમાં ખુલ્લામાં પડેલ સનેડામાંથી બેટરી જેની કીમત રૂપિયા ૫૦૦૦ અને એક લોખંડની રાપ જેની રૂપિયા ૨૦૦ તેમજ લોખંડના કુલ ૭ દાતા જે સાત દાતાની કીમત રૂપિયા ૧૦૦૦ મળી કુલ કિમત રૂપિયા ૨૨,૯૯૦ની ચીજવસ્તુની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી ગયાની ફરિયાદ ધરાઈ ગામના આંગણવાડી વર્કર રક્ષાબેન ચંદુલાલ ભટ્ટે બાબરા પોલીસમાં નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીથી ખીજડીયા વચ્ચે

પરિવર્તિત કરવાના પ્રોજેકટને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. જે વાતની આજ તા. ૨૫ ઓકટોબરના રોજ કેન્દ્રીય રેલ મંત્રી અનિ વૈષ્ણવજી દ્વારા અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાને ટેલીફોનીક જાણ કરવામાં આવી છે.

આ તકે સાંસદે જણાવેલ છે કે, અમરેલી જિલ્લા મથકે બ્રોડગેજ મળે તેવી અમરેલીના લોકોની વર્ષો જૂની માંગણી હતી. આ માટે અમારા દ્વારા રેલ્વે મંત્રાલય સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવેલ હતી. જેના ફળસ્વરૂપે આજરોજ રેલ્વે મંત્રાલય તરફથી પ્રથમ તબક્કામાં ખીજડીયાથી અમરેલી સુધી બ્રોડગેજ લાઈનના પ્રોજેકટને મંજૂરી આપી, અમરેલીના લોકોને આવનારા દિવાળીના પર્વ નિમિત્તે ભેટ આપવામાં આવેલ છે અને આગામી ટૂંક સમયમાં જ આ પ્રોજેકટનું ઓનલાઈન ટેન્ડર પણ થઈ જશે.

અમરેલીના લોકોની વર્ષો જૂની માંગ અન્વયે બ્રોડગેજ પ્રોજેકટને મંજૂરી આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય રેલ મંત્રી અનિ વૈષ્ણવજી, રાજય રેલ મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશજી અને કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાનો સાંસદ નારણભાઈ કાછડીયાએ આભાર વ્યકત કરેલ છે.

## બગસરામાં જલિયાણ યુવા સંગઠન દ્વારા શસ્ત્ર પુજન થયું





બગસરા, તા. ૨૫

બગસરા શહેરનાં આંગણે જલિયાણ યુવા સંગઠન બગસરા દ્વારા વિજયા દશમી નિમિતે એક રઘુવંશી કુળ નાં વંશજ તરીકે જશરાજ દાદાનાં સાંનિધ્યમાં શસ્ત્ર પુજનનું આયોજન કરેલ તેમાં જલિયાણ યુવા સંગઠન દ્વારા દરેક હિંદુ ધર્મપ્રેમી લોકોને આમંત્રણ પાઠવેલ તો આ શસ્ત્ર પુજનમાં જલિયાણ યુવા સંગઠનના યુવા લોકો તેમજ બગસરા રઘુવંશી (લોહાણા) સમાજનાં મહાનુભાવો તેમજ બગસરાનાં ધર્મપ્રેમી લોકોનાં વરદ હસ્તે અસ્ત્ર શસ્ત્ર અને શાસ્ત્રનું પુજન કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

**બાબરા :** બટુકલાલ શાંતિલાલ સુચક, ઉ.૭૧ તે નવિનભાઈ (કુંકાવાવ) ના નાનાભાઈ, વિનુભાઈ (દેરડી), સ્વ.દિપકભાઈ ( બગસરા ), કિશોરભાઈ (બગસરા), સ્વ.રાજુભાઈ (બગસરા)ના મોટાભાઈ તેમજ નિલેશ અને મનિષાબેન આડતિયા, અલ્પાબેન કારીયા, હેતલબેન બાટવિયા તથા ગીતાબેન વસંતના પિતાશ્રી તેમજ સ્વ.મનસુખલાલ ત્રિભોવનદાસ વિઠલાણી (સા.કુંડલા)ના જમાઈનું તા. ૨૨/૧૦/૨૩ના રોજ અવસાન થયેલ છે. ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા.૨૬/૧૦/૨૩, ગુરૂવારના રોજ લોહાણા મહાજન વાડી, બાબરા ખાતે સાંજે ૪ થી ૫ રાખેલ છે.

## જાહેર નોટિસ

**મોજે–રામપુર, તા. વડિયા–કુંકાવાવ, જી. અમરેલી.**
**રે.સ.નં. ૨૮૨ પૈકી ૬, હેકટર ૧–૨૯–૫૦, ખાતા નં. ૯૫૫**
**રે.સ.નં. ૨૮૨ પૈકી ૬/પૈકી ૧, હેકટર ૦–૮૦–૯૪, ખાતા નં. ૯૫૬**
**રે.સ.નં. ૨૮૨ પૈકી ૬/પૈકી ૨, હેકટર ૦–૮૦–૯૪, ખાતા નં. ૯૫૭**

અમો ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે રામપુર,ના ખાતા નં. ૯૫૫, વાળી જમીન કેશુભાઈ મોહનભાઈ વોરાના નામે તથા ખાતા નં. ૯૫૬ વાળી જમીન ફુલાભાઈ મોહનભાઈ વોરા તથા ખાતા નં. ૯૫૭ વાળી જમીન હંસાબેન ઝવેરભાઈ વોરા વિગેરે નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, ઉપરોકત વિગત વાળી જમીન એકબીજાને લાગું છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ / ખેતી / ગણોત / લીઝલાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૮માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તા. ૨૬/૧૦/૨૦૨૩
ઠે. મેઈન બજાર, પુલ પાસે,
મુ. વડિયા, (જી.અમરેલી)
મો. ૯૯૨૫૭૦૪૪૪૯

**ચંદ્રેશ આર. રોશનીયા**
**(એડવોકેટ)**
તે તમારા અસીલની સુચનાથી

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૮૦ | ૧૫૪૦ |
| ૨ | મગફળી | ૧૨૩૮ | ૧૪૨૨ |
| ૩ | તલ સફેદ | ૨૮૩૦ | ૩૨૦૦ |
| ૪ | મગ | ૧૫૮૫ | ૨૦૧૫ |
| ૫ | ઘઉં | ૪૪૮ | ૫૮૨ |
| ૬ | ચણા | ૯૩૫ | ૧૧૬૫ |
| ૭ | સોયાબીન | ૮૭૫ | ૯૦૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૩૯૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૪૭૧ |
| ૪ | તલ કાળા | ૨૦૪૦ | ૩૫૩૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૩૦૦ | ૩૯૮૯ |
| ૬ | બાજરો | ૩૬૬ | ૪૪૦ |
| ૭ | જુવાર | ૮૪૫ | ૧૨૦૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૮ |
| ૯ | ઘઉં લોકવન | ૪૯૭ | ૫૯૫ |
| ૧૦ | મકાઈ | ૨૯૫ | ૫૬૧ |
| ૧૧ | મગ | ૧૫૪૦ | ૨૦૦૦ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૭૯૦ |
| ૧૩ | ચણા | ૮૧૦ | ૧૨૯૨ |
| ૧૪ | તુવેર | ૧૬૬૦ | ૨૧૫૦ |
| ૧૫ | કપાસ | ૯૪૦ | ૧૪૯૫ |
| ૧૬ | એરંડા | ૧૦૯૦ | ૧૧૧૦ |
| ૧૭ | રાયડો | ૮૦૦ | ૯૫૦ |
| ૧૮ | ધાણા | ૧૦૨૦ | ૧૧૦૦ |
| ૧૯ | સોયાબીન | ૭૦૦ | ૯૪૨ |
| ૨૦ | રજકાનું બી | ૨૮૫૦ | ૪૨૨૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૬ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૩ | અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૨૪૯ |
| ૪ | કપાસ | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ૫ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૭૬ |
| ૭ | બાજરો | ૩૬૦ | ૪૪૪ |
| ૮ | જુવાર | ૬૨૧ | ૧૦૪૬ |
| ૯ | મગ | – | ૧૭૦૦ |
| ૧૦ | અડદ | – | ૧૫૪૬ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૨૮૩ |
| ૧૨ | સોયાબીન | ૮૨૦ | ૯૩૩ |
| ૧૩ | તુવેર | ૧૮૦૦ | ૨૨૭૫ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૪૭૦ |
| ૨ | મગફળી | ૧૦૬૦ | ૧૧૫૨ |
| ૩ | ઘઉં | ૪૭૫ | ૫૦૭ |
| ૪ | ચણા | ૯૬૫ | ૧૨૦૦ |
| ૫ | ધાણા | ૯૦૫ | ૧૨૫૦ |
| ૬ | અડદ | ૧૬૨૫ | ૧૭૭૫ |
| ૭ | મકાઈ | ૩૭૫ | ૪૦૦ |
| ૮ | એરંડા | ૧૧૪૯ | ૧૧૪૯ |
| ૯ | સોયાબીન | ૮૨૫ | ૯૦૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૬ |
| ૨ | ચણા | ૯૧૫ | ૧૨૦૦ |
| ૩ | જુવાર | ૯૦૦ | ૧૦૯૦ |
| ૪ | સોયાબીન | ૭૬૧ | ૯૩૫ |
| ૫ | મેથી | ૯૮૧ | ૧૦૪૦ |
| ૬ | મગફળી | ૧૧૦૧ | ૧૨૦૦ |
| ૭ | તલ કાળા | ૩૧૬૦ | ૩૧૬૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૮ | ૫૬૦ |
| ૯ | તલ સફેદ | ૩૦૧૧ | ૩૫૦૦ |
| ૧૦ | લસણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | તુવેર | ૧૯૧૨ | ૧૯૧૨ |
| ૧૨ | અડદ | ૮૦૦ | ૮૦૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૧૪ | શીંગદાણા | ૧૫૩૫ | ૧૫૩૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૮૦ | ૧૨૯૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૨૬૦ |
| ૩ | કપાસ | ૧૨૮૦ | ૧૫૦૦ |
| ૪ | બાજરો | ૩૩૫ | ૫૫૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૭ | ૫૩૬ |
| ૬ | જુવાર | ૧૧૬૭ | ૧૧૭૫ |
| ૭ | મકાઈ | ૫૨૪ | ૫૭૦ |

# સાવરકુંડલા ખાતે ગરાસિયા રાજપૂત સમાજ દ્વારા શસ્ત્ર પૂજન કરાયું






સાવરકુંડલા ખાતે ગરાસિયા રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા દશેરા નિમિત્તે પારંપરિક પ્રથા મુજબ શસ્ત્રપૂજનનું આયોજન કરેલ. જેમાં સાવરકુંડલા ગરાસિયા ક્ષત્રિય સમાજના આગેવાનો મહાકાળી ચોક, હથસણી રોડ પાસે આવેલ હનુમાન મંદિર ખાતે માઁ ભગવતીની અને શકિતના પ્રતિક સ્વરૂપ હથિયારોની પૂજા કરેલ તેમજ માઁ ભગવતીના ચરણોમા વિશ્વમાં શાંતિ સ્થાપિત થાય તેવી પ્રાર્થના કરેલ. શ્રી ગરાસિયા રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા આ સનાતની સંસ્કૃતિની પરંપરાની ઉજવણી ખૂબ ઉત્સાહપૂર્વક કરેલ.

### જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું

## ધારી તાલુકાના નબાપરા અને લાઇનપરા ગામે સફાઈ ઝુંબેશ યોજાઈ

### પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં સફાઈ કરવામાં આવી



અમરેલી તા. ૨૫

સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત ગતરોજ વિજયા દશમીના પાવન અવસરે રજાના માહોલની વચ્ચે પણ અમરેલી જિલ્લાના ગામડાંઓમાં સ્વચ્છતાં અભિયાન યોજાયુ હતું. અમરેલી જિલ્લાના સ્વચ્છાગ્રહીઓએ આ પ્રસંગે સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લીધો હતો

આજરોજ ધારી તાલુકાના નાબાપરા અને લાઈનપરા ગામે સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. બંને ગામની પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં સફાઈ કરવામાં આવી હતી. જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. ઉપરાંત ગ્રામ્ય અને શહેરીવિસ્તારમાં લોકો ઉત્સાહભેર સ્વચ્છતાગ્રહી બની રહ્યા છે.

જિલ્લામાં ''સ્વચ્છતા એ જ સેવા'' કાર્યક્રમ અંતર્ગત તા. ૨૩ ઓકટોબર થી ૨૮ ઓકટોબર,૨૩ સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડિંગ, શાળા અને કોલેજ કેમ્પસ ખાતે સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે.

આગામી રવિવારે ગ્રામ્ય અને શહેરના અનિયમિત વિકસિત અને અવિકસિત વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ યોજાશે.

## બાબરામાં ચિત્રકુટ સોસાયટીમાં નવરાત્રિની ઉજવણી કરાઇ




બાબરા, તા.૨૫

બાબરામાં રાજકોટ રોડ પર આવેલ ચિત્રકૂટ સોસાયટીમાં અર્વાચીન નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી સ્થાનિક રહોશો દ્વારા કરવામાં આવી હતી અહીં નવ દિવસ સુધી સોસાયટીની તમામ દીકરીઓ તેમજ મહિલાઓ દ્વારા માતાજીની આરતી અને ગરબાની રમઝટ બોલાવી હતી. નવરાત્રીના છેલ્લ નોરતે અહીં સોસાયટીમાં રહેતા ભયલુભાઈ વાળા તરફથી તમામ દીકરીઓ લ્હાણી સ્વરૂપભેટ આપવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સ્થાનિક રહીશ મનુબાપુ દ્વારા કરવામાં આવ્યુ હતું.

### ભકતજનો અને સેવકોમાં અનેરો ઉત્સાહ

## બાબરામાં તાપડીયા આશ્રમનાં મહંત પૂજ્ય ઘનશ્યામ દાસબાપુનાં પ્રાગટય મહોત્સવની ઉજવણી કરાઈ

### પૂજ્ય બાપુનાં સેવક હિતેનભાઈ જસાણી દ્વારા મરકેન્ડ પૂજાનું આયોજન કરાયું




બાબરા, ૨૫

શ્રી તાપડિયા આશ્રમ બાબરા ખાતે મહંત શ્રી ઘનશ્યામ દાસજી મહારાજનો પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે મર્કેન્ડ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૫/૧૦/૨૦૨૩ને બુધવારે સવારે ૯ કલાકે પૂજયવર શ્રી ઘનશ્યામ દાસજી મહારાજનાં નિરોગી અને લાંબા આયુષ્ય માટે માર્કેન્ડ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું પૂજય બાપુને શ્રી કૃષ્ણ ભગવાનનો શણગાર સુરતનાં સેવક હિતેશભાઈ જસાણી પરિવાર દ્વારા ધરાવવામાં આવ્યો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# ચલાલામાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજ ખાતે નવરાત્રિની ઉજવણી



ચલાલા શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરીવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજ ખાતે નવરાત્રી પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. પવિત્ર નવરાત્રી પ્રસંગે માતાજીની આરતી, ગરબા તથા પ્રસાદ સાથે પૂજા અર્ચના કરી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સાથે કોલેજની વિદ્યાર્થીની બહેનો અને ધોરણ KG થી ૧૨ ના વિદ્યાર્થીઓ દાંડીયા, શણગાર, ગરબા શણગાર અને આરતીની થાળી લઈ આવેલ અને બધાએ સાથે મળી ને રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. દરેક બાળ કોએ ઉત્સાહ પૂર્વક રાસ ગરબામાં ભાગ લીધો હતો અને બેસ્ટ દાંડીયા, બેસ્ટ ડ્રેસ્ટ તથા બેસ્ટ રાસ ગરબાને નંબર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શ્રી રતિદાદા તથા મંજુબા આ ઉજવણી નિહાળીને ખુબજ ખુશ થયા હતા અને ભગવાન ને પ્રાર્થના કરેલ કે બધા તેજસ્વી બને અને ખુબ આગળ વધે આ ક્રાર્યક્રમ ને સફળ બનાવવામા ડાયરેકટ મહેશભાઈ મહેતા, આચાર્ય શિતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફગણે ખુબજ જહેમત ઉઠાવી હતી.

## સુખનાથ મંદિર ચોક યુવક મંડળ અને સરદાર પટેલ ગૃપ દ્વારા આયોજિત

# અમરેલીમાં થનગનાટ રાસ રમઝટનો મેગા ફાઈનલ રાઉન્ડ યોજાયો

**૧૦ દિવસ સુધી શહેરનાં સેંકડો ગૃપનાં હજારો ખેલૈયાઓએ ધરતીને ધ્રુજાવી**

**ખેલૈયાઓ અને દર્શકોને કોઈ પણ મુશ્કેલી ન પડે તે રીતે સુંદર મેગા આયોજન સંપન્ન થયું**

**ફાઈનલ રાઉન્ડમાં વિજેતા થયેલ ખેલૈયાઓને આકર્ષક ઈનામ એનાયત કરાયા**

**યુવા નેતા મનિષ સંઘાણી તેમજ ડેની રામાણી અને ચંદુ રામાણીનાં માર્ગદર્શનતળે સુંદર આયોજન**



અમરેલી, તા. ૨૫

જગત જનની મા જગદંબાના પવિત્ર નવરાત્રી મહોત્સવ અંતર્ગત અમરેલીના તુલસી પાર્ટી પ્લોટ ખાતે સુખનાથ મંદિર ચોક યુવક મંડળ અને સરદાર પટેલ ગૃપ દ્વારા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પક્ષના યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને સરદાર પટેલ ગૃપના સ્થાપક પ્રમુખ મનિષ સંઘાણી તેમજ ડેની રામાણી અને ચંદુ રામાણીનાં માર્ગદર્શન નીચે થનગનાટ રાસ રમઝટ-૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નવ દિવસ સુધી ખેલૈયાઓ મનમૂકીને ગરબાના તાલે ઝૂમ્યા હતા. જેમાં રોજે રોજ આયોજકો દ્વારા ખેલૈયાઓમાં વિજેતા થયેલ પ્રિન્સ, પ્રિન્સેશોને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવેલ હતા. જયારે આ નવે નવ દિવસની અંદર વિજેતા થયેલ ખેલૈયાનો દશેરાના પવિત્ર દિવસે મેગા ફાઈનલ રાઉન્ડનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ખેલૈયાઓ પૂરી રાત મનમૂકીને રમ્યા હતા. જેમાં પ્રિન્સ-પ્રિન્સેશ અને ગરબાકિંગોને બમ્પર ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## અજાણ્યા શખ્સે કામ પાર પાડયું

# બાબરાનાં ધરાઈ ગામની આંગણવાડીમાંથી ગેસ સીલીન્ડર સહિતનાં મુદ્દામાલની ઉઠાંતરી

**આંગણવાડીની બાજુમાં પણ હાથફેરો કર્યો**

અમરેલી તા.૨૫

બાબરા તાલુકાના ધરાઈ ગામે આવેલ આંગડવાડીમાં ગત તા. ૨૧ના રોજ બપોરના ત્રણેક વાગ્યાથી તા. ૨૩ના દિવસ સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યા વ્યક્તિ આંગણવાડીના રૂમનો તથા રસોડાના દરવાજાના તાળા તોડી, રસોડામાં રાખેલ ગેસની બોટલ નંગ-૨ આશરે કીમત રૂપિયા ૫,૦૦૦ તેમજ એક સ્ટીલનો નાનો ચોરસ ડબ્બો,એક એલ્યુમીનીયમનો ડબ્બો, એમ.એમ.વાય (મુખ્યમંત્રી માત્ર વંદના યોજના)નો સ્ટોક રસોડામાં રાખેલ હતો જેમા શીંગતેલના પાઉચ

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજય સરકાર ઘણા સમયથી લોલીપોપ જ આપી રહી છે

# અમરેલી જિલ્લામાં એસ.ટી. વિભાગનાં કર્મચારીઓએ પડતર માંગને લઈને કર્યા સુત્રોચ્ચાર

**પડતર માંગ પૂર્ણ ન થાય તો ૩ નવેમ્બરથી માસ સીએલ પર જવા ચીમકી**

અમરેલી, તા. ૨૫

અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા પોતાની વિવિધ પડતર માંગણીનાં અનુસંધાને છેલ્લા ત્રણેક દિવસથી કર્મચારીઓ આશ્ચર્યજનક કાર્યક્રમ આપી રહ્યા છે. ત્યારે આજે



અમરેલી, સાવરકુંડલા સહિતનાં એસ.ટી. ડેપોમાં બપોરનાં સમયે માંગણીનાં અનુસંધાને સુત્રોચ્ચાર કર્યા હતા અને એસ.ટી.નાં કર્મચારીઓ ધ્વારા પોતાની માંગણી સ્વીકારવામાં નહી આવે તો આગામી તા. ૩/૧૦નાં રોજથી તમામ કર્મચારીઓ અચોકકસ મુદત માટે માસ સીએલ ઉપર ઉતરી જશે તેવી ચીમકી પણ આપી હતી.

## આરોગ્ય વિભાગ દ્વારા અપાતા માર્ગદર્શનનું પાલન કરવું જોઈએ


# અમરેલી પંથકમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગોએ માથું ઊંચકતા ડો. ગજેરા અને ડો. ખૂંટે સાવચેતી રાખવા જણાવ્યું

**મચ્છરનાં ઉત્પન્ન કેન્દ્રો બનતી ગંદકીને દૂર રાખવા અનુરોધ કર્યો**

અમરેલી, તા. ૨૫

અમરેલી પંથકમાં છેલ્લા કેટલાંક દિવસોથી ડેન્ગ્યુ, ચિકન ગુનિયા જેવા રોગે માથું ઊંચકતા અમરેલી શહેરનાં કેટલાંક વિસ્તારો તથા ગ્રામ્ય વિસ્તારોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. ત્યારે આરોગ્ય વિભાગ ધ્વારા આ રોગને કાબુમાં લેવા માટે જરૂરી પગલા ભરવા જરૂરી છે. તો બીજી તરફ અમરેલી જિલ્લા જનરલ પ્રકટીશનર





એસોસીએશનનાં પ્રમુખ ડો. ચંદ્રેશ ખૂંટ તથા અમરેલી જિલ્લા આઈએમએન પ્રમુખ ડો. જી.જે. ગજેરાએ પણ લોકોને આ રોગ સામે સાવચેત રહેવા અને પણ અપીલ કરી છે.

અમરેલી શહેર તથા આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારોમાં ચિકન

અનુસંધાન પાના ૬ ઉપર

## કેન્દ્રીય મંત્રી રૂપાલા અને સાંસદ કાછડીયાની જહેમતથી

# ભૈ વાહ : અમરેલીથી ખીજડીયા વચ્ચે બ્રોડગેજ રેલ્વે લાઈનની મંજૂરી મળી

**રેલ્વે મંત્રીએ સાંસદને ટેલિફોનીક જાણકારી આપી**







અમરેલી, તા. ૨૫

આખરે અમરેલીના લોકોની વર્ષો જૂની માંગણી સંતોષાતા લોકોની આતુરતાનો અંત આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારના રેલ્વે મંત્રાલય દ્વારા ખીજડીયાથી અમરેલી સુધી મીટરગેજ રેલ લાઈનને બ્રોડગેજમાં

અનુસંધાન પાના ૬ ઉપર


કિષ્ના ડાઈનીંગ હોલ

Krishna DINING HALL

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬

જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ :

કિષ્ના કેટરર્સ

કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ४૬૭૯૨


## જિલ્લા બહુજન આર્મીના પ્રમુખ શાંતિલાલ રાણવાનો વેધક પ્રશ્ન

# અમરેલી જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચાના હોદ્દેદારો શિક્ષક આત્મહત્યા કેસમાં ચૂપ કેમ ?

**દલિત શિક્ષકના પરિવારજનોને ન્યાય આપવવા આગળ આવો**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા બહુજન આર્મીના પ્રમુખ દલિત અગ્રણી શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે. કે જુના ઝાંઝરીયા ગામે દલિત શિક્ષક આર્ચાય કાંતિલાલ ચૌહાણે સરપંચ, ઉપસરપંચ તથા ત્રણ શિક્ષિકાઓના માનસિક ત્રાસના કારણે આત્મહત્યા કરવી પડી એ બાબતે જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ કેશુભાઈ વાઘેલા, કરશનભાઈ ચૌહાણ, વાઘજીભાઈ વિંઝુડા, સંદિપ સોલંકી, સોમાભાઈ બગડા, રવજીભાઈ ચૌહાણ, પ્રવિણભાઈ ચાવડા,



જીતુભાઈ બથવાર, કેશવભાઈ બગડા, હિરાભાઈ બગડા, હિતેષ પરમાર, રાજુભાઈ સાગઠીયા, કાનજીભાઈ જોગદીયા, મધુભાઈ ચાવડા, રમેશભાઈ ખીમસુરીયા, પરેશભાઈ દાફડા, ભીમજીભાઈ સોઢાલીયા વિગેરે બાહોશ અને સમાજમાં માનપાન ધરાવતા આ દલિત આગેવાનો મૌન કેમ છે ? પાર્ટીના ગુલામ બન્યા વગર સમાજ માટે આગળ આવી, સરકારને અને પક્ષને જાહેરમાં ન્યાય માટે અવાજ બુંલદ કરવા, આરોપીઓની ધરપકડ કરવા અને સખ્ત સજા કરવા આ સૌ આગેવાન મિત્રોને જાહેર વિંનતિ કરેલ છે. આ જાહેર અપીલની જિલ્લાના તમામ દલિતો પણ નોંધ લઈ આ કેસમાં સખ્ત પગલા લેવા આગળ આવવા તમામને વિનંતિ કરેલ છે.


Since 1986

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)

માટીના વાસણ અને પરિવારની કિંમત તેને ઘડનાર (બનાવનાર) જ જાણે છે, તેની કિંમતની તોડનારને જાણ હોતી નથી.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166


## સંસ્થામાં રહેતા એક વૃધ્ધાએ પ્રેરણાદાયી કાર્ય કર્યુ

# ભૈ વાહ : અમરેલીમાં મનોદિવ્યાંગ બાળકોનાં હિતમાં ૯૨ વર્ષનાં મહિલાએ રૂપિયા એક લાખની મદદ કરી

**કેન્દ્રીય મંત્રી રૂપાલા અને ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ શુભેચ્છા પાઠવી**

અમરેલી, તા. ૨૫

શ્રી અમરેલી સ્મશાન કમિટિ સંચાલિત માનસિક વિકાસ કેન્દ્ર અમરેલીમાં મનો દિવ્યાંગ બાળકોની તાલીમ કેન્દ્ર તેમજ મનો દિવ્યાંગ દીકરીઓ માટેની છાત્રાલયમાં વિવિધ પ્રકારની તાલીમ અપાઈ રહી છે. અમરેલી જિલ્લામાં આ છાત્રાલયમાં જુદા જુદા ગ્રામ્યમાંથી રહેતી

અનુસંધાન પાના ૬ ઉપર



*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)